©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] THURSDAY, 28st AUGUST, 2025/BHADRA 06, 1947 [Issue No. 35

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc.,	781-802	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	3139-3262
		PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
NOTIFICATION
MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧ ખંડ (બી) મુજબનું

વંચાણ :

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, ભુજ-કચ્છના પત્ર નં. પીબી/રસ્તા/જાહેરનામું/૩૯૭૧/૨૦૨૫, તા. ૧૦-૦૭-૨૦૨૫.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજની કચેરીના પત્ર નં. એલઆઈબી/આઈબી-૪/હંગામી/જાહેરનામા/દરખાસ્ત/૨૬૨૫/૨૦૨૫ તા. ૧૧-૦૭-૨૦૨૫.

(૩) સબડીવીઝનલમેજીસ્ટ્રેટશ્રી,મુંદરાનાપત્રનં.મેજી/ભારેવાહન/પ્રતિબંધ/૦૭/૨૦૨૫, તા. ૧૧-૦૭-૨૦૨૫.

જાહેરનામું

નં. મેજી/પોલ/જાહેરનામું/૩૩(૧)/માર્ગ નિયમન/૦૭/૨૦૨૫.- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, ભુજ-કચ્છના વંચાણ-૧ વાળા પત્રની વિગતે ભુજ-મુન્દ્રા રસ્તા પર ચે. ૩૦/૦ થી ૩૧/૦ વચ્ચે ૮૪.૦ મી. લંબાઈનો બાબીયા બ્રિજ તથા ચે. ૪૦/૦ થી ૪૧/૦ વચ્ચે ૧૪૪.૦ મી. લંબાઈનો બરાયા બ્રિજ આવેલ છે જે બ્રિજ પરથી ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવવા તથા વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવા જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત રજુ થયેલ છે. રજુ થયેલ દરખાસ્ત અન્વયે અત્રેથી અભિપ્રાય મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજની કેચરીના વંચાણ-૨ તથા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મુંદરાના વંચાણ-૩ વાળા પત્રથી હકારાત્મક અભિપ્રાય રજુ થયેલ છે. જે ધ્યાને લઈ નીચે જણાવ્યા મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું આનંદ પટેલ, (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૧૨-૧૦-૨૦૨૫ સુધીના સમયગાળા માટે નીચે અનુસુચિમાં જણાવેલ બ્રિજ પરથી ભારે વાહનોની અવર-જવર બંધ થવા તેમજ વૈકલ્પિક રસ્તા/માર્ગોનો ઉપોયગ કરવા હુકમ કરુ છું.

આ હુકમની અંદર ભારે વાહન શબ્દનો અર્થ મોટર વ્હીકલ એકટમાં જે વ્યાખ્યા આપી છે તે મુજબનો રહેશે.

અનુસૂચિ :

- ભુજ-મુન્દ્રા રસ્તા પર ચે. ૩૦/૦ થી ૩૧/૦ વચ્ચે ૮૪.૦ મી. લંબાઈનો બાબીયા બ્રિજ તથા ચે. ૪૦/૦ થી ૪૧/૦ વચ્ચે ૧૪૪.૦ મી. લંબાઈના બરાયા બ્રિજ પરથી ભારે વાહનો અવર-જવર કરી શકશે નહી.

વૈકલ્પિક માર્ગ/રસ્તાની વિગત :

- ભુજ-માંડવી રસ્તા પર સુખપર ત્રણ રસ્તાથી ધુણઈ થી કોડાય પુલથી બિદડા થી પ્રાગપર ચોકડીવાળા રસ્તા પરથી ભારે વાહનો અવર-જવર કરી શકશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ જાહેરનામાની બહોળી પ્રસિદ્ધિ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, ભુજ-કચ્છ તથા પોલિસ ખાતાએ ઉકત મુજબના રસ્તાઓ પરના જાહેર સ્થળોએ તમામ લોકોને વ્યવસ્થિત દેખાય અને વંચાય એ રીતે ડીસ્પ્લે બોર્ડ રાખી કરવાની રહેશે તેમજ જાહેરનામાના ચુસ્ત અમલ માટે સબંધિત રસ્તાઓ પર હાજર રહી ચુસ્ત અમલ કરાવવાનો રહેશે.

આજરોજ તા. ૧૧-૦૭-૨૦૨૫ ના સહી તથા સિક્કો કરી આ જાહેરનામું બહાર પાડયુ.

ભુજ-કચ્છ, ૧૧ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧ ખંડ (બી) મુજબનું

જાહેરનામું

નં. મેજી/પોલ/જાહેરનામું/૩૩(૧)/માર્ગ નિયમન/૦૫/૨૦૨૫.- પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજની તા. ૨૧-૦૫-૨૦૨૫ વાળા પત્રની વિગતે ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ તા. ૨૫-૦૫-૨૦૨૫ ના રોજ કલાક ૧૩-૦૦ થી તા. ૨૬-૦૫-૨૦૨૫ ના કલાક ૨૨-૦૦ વાગ્યા સુધી ભુજ શહેરમાં પ્રવેશતા ભારે વાહનોની અનુસૂચિમાં જણાવેલ રસ્તા પરથી અવર-જવર બંધ કરવા તથા વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે. જેની વિગતે ટ્રાફિક વ્યવસ્થા તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર નીચે જણાવેલ મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું આનંદ પટેલ, (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ તા. ૨૫-૦૫-૨૦૨૫ ના રોજ કલાક ૧૩-૦૦ થી તા. ૨૬-૦૫-૨૦૨૫ના કલાક ૨૨-૦૦ વાગ્યા સુધી નીચે અનુસુચિમાં જણાવેલ રસ્તાઓ/માર્ગો પરથી ભુજ શહેરમાં પ્રવેશતા ભારે વાહનોની અવર-જવર બંધ થવા તેમજ વૈકલ્પિક રસ્તા/માર્ગોનો ઉપોયગ કરવા હુકમ કરુ છું.

આ હુકમની અંદર ભારે વાહન શબ્દનો અર્થ મોટર વ્હીકલ એકટમાં જે વ્યાખ્યા આપી છે તે મુજબનો રહેશે.

અનુસૂચિ :

- શેખરણપીર ચાર રસ્તાથી ભારે વાહનો ભુજ શહેરમાં પ્રવેશ કરી શકશે નહી.
- મિરઝાપર પોલીસ ચોકીથી ભારે વાહનો ભુજ શહેરમાં પ્રવેશ કરી શકશે નહી.
- મુંદરા રોડ ઉપર મિરઝાપર જવાના રસ્તાથી ભુજ તરફ ભારે વાહનો ભુજ શહેરમાં પ્રવેશ કરી શકશે નહી.

➢ પાલારા જેલ તરફથી ભારે વાહનો ભુજ શહેરમાં પ્રવેશ કરી શકશે નહી.

વૈકલ્પિક માર્ગ/રસ્તાની વિગત :

➢ ભચાઉ તથા ગાંધીધામ તરફથી આવતા ભારે વાહનો ગાંધીધામ થઈ મુંદરા થઈ આગળ જઈ શકશે.

➢ નખત્રાણા, નલીયા, માતાના મઢ તરફથી આવતા ભારે વાહનો માનકુવાથી મુંદરા થઈ આગળ જઈ શકશે.

➢ ખાવડા તરફથી આવતા ભારે વાહનો રોડ ટુ હેવનનો ઉપયોગ કરી શકશે.

આ જાહેરનામું નીચેના વાહનોને લાગુ પડશે નહી.

૧. સરકારી વાહનો/સરકારી કામે રોકવામાં આવેલ વાહનો.

૨. પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજના આદેશાનુસાર સક્ષમ અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરેલા વાહનો.

૩. એમ્બ્યુલન્સ વાહનો.

૪. ફાયર બ્રિગેડના વાહનો.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ જાહેરનામાની બહોળી પ્રસિદ્ધિ પોલિસ ખાતાએ ઉકત મુજબના રસ્તાઓ પરના જાહેર સ્થળોએ તમામ લોકોને વ્યવસ્થિત દેખાય અને વંચાય એ રીતે ડીસ્પ્લે બોર્ડ રાખી કરવાની રહેશે તેમજ જાહેરનામાના ચુસ્ત અમલ માટે સબંધિત રસ્તાઓ પર હાજર રહી ચુસ્ત અમલ કરાવવાનો રહેશે.

આજરોજ તા. ૨૨-૦૫-૨૦૨૫ ના સહી તથા સિક્કો કરી આ જાહેરનામું બહાર પાડયુ.

ભુજ-કચ્છ, ૨૨ માહે મે, સને ૨૦૨૫.

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧ ખંડ (બી) મુજબનું

જાહેરનામું

નં. મેજી/પોલ/જાહેરનામું/૩૩(૧)/માર્ગ નિયમન/૦૫/૨૦૨૫.- પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજની તા. ૨૧-૦૫-૨૦૨૫ વાળા પત્રની વિગતે ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ તા. ૨૬-૦૫-૨૦૨૫ ના રોજ કલાક ૧૩-૦૦ થી કલાક ૧૯-૦૦ વાગ્યા સુધી ભુજ શહેરમાં પ્રવેશતા સરકારી વાહન સિવાયના તમામ વાહનોની અનુસૂચિમાં જણાવેલ રસ્તા પરથી અવર-જવર બંધ કરવા તથા વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ થયેલ છે. જેની વિગતે ટ્રાફિક વ્યવસ્થા તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર નીચે જણાવેલ મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું આનંદ પટેલ, (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ તા. ૨૬-૦૫-૨૦૨૫ ના રોજ કલાક ૧૩-૦૦ થી કલાક ૧૯-૦૦ વાગ્યા સુધી ભુજ શહેરના નીચે અનુસુચિમાં જણાવેલ રસ્તાઓ/માર્ગો પરથી અપવાદ સિવાયના તમામ વાહનોની અવર-જવર બંધ થવા તેમજ વૈકલ્પિક રસ્તા/માર્ગોનો ઉપોયગ કરવા હુકમ કરુ છું.

અનુસૂચિ :

➢ ૩૬ કવાર્ટર્સ ત્રણ રસ્તાથી એરપોર્ટ ત્રણ રસ્તા, કોડકી ચાર રસ્તા, ત્રિમંદિર, પ્રિન્સ રેસિડેન્સી ત્રણ રસ્તાથી ભગવતી ચાર રસ્તા સુધી તમામ વાહનો અવર-જવર કરી શકશે નહી.

વૈકલ્પિક માર્ગ/રસ્તાની વિગત :

➢ ૩૬ કવાર્ટર્સ ત્રણ રસ્તાથી સરપટ નાકા થઈને ભુજ શહેરમાં પ્રવેશ કરી શકશે.

➢ ૩૬ કવાર્ટર્સ થઈ નાગોર ફાટક થઈ માધાપર તેમજ ભુજ બહાર જઈ શકશે.

➢ ભુજ શહેરમાંથી માંડવી, માતાના મઢ, નખત્રાણા, નારાયણ સરોવર જવા માટે ૩૬ કવાર્ટર્સ ત્રણ રસ્તાથી રેલ્વે સ્ટેશનથી આત્મારામ સર્કલથી RTO સર્કલ થઈને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર થઈને રીલાયન્સ સર્કલથી ચંગલેશ્વર મહાદેવથી કચ્છ યુનિવર્સિટીથી આગળ જમણી બાજુ મિરઝાપર ગામ તરફ જવાના રસ્તેથી આગળ જઈ શકશે.

➢ ભુજ શહેરમાં પ્રવેશ કરનાર વાહન ચાલોક મિરઝાપર ગામના બે નંબરના ગેટથી પ્રવેશ કરી ગૌશાળા થઈ મુંદરા રોડ ઉપર આવી ચંગલેશ્વર મહાદેવ થઈને રીલાયન્સ સર્કલથી પ્રવેશ કરી શકશે.

અપવાદ (આ જાહેરનામું નીચેના વાહનોને લાગુ પડશે નહી) :

૧. સરકારી વાહનો/સરકારી કામે રોકવામાં આવેલ વાહનો.

૨. પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજના આદેશાનુસાર સક્ષમ અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરેલા વાહનો.

૩. એમ્બ્યુલન્સ વાહનો.

૪. ફાયર બ્રિગેડના વાહનો.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ જાહેરનામાની બહોળી પ્રસિદ્ધિ પોલિસ ખાતાએ ઉકત મુજબના રસ્તાઓ પરના જાહેર સ્થળોએ તમામ લોકોને વ્યવસ્થિત દેખાય અને વંચાય એ રીતે ડીસ્પ્લે બોર્ડ રાખી કરવાની રહેશે તેમજ જાહેરનામાના ચુસ્ત અમલ માટે સબંધિત રસ્તાઓ પર હાજર રહી ચુસ્ત અમલ કરાવવાનો રહેશે.

આજરોજ તા. ૨૨-૦૫-૨૦૨૫ ના સહી તથા સિક્કો કરી આ જાહેરનામું બહાર પાડયુ.

ભુજ-કચ્છ, ૨૨ માહે મે, સને ૨૦૨૫.

આનંદ પટેલ
જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનો

હુકમ

નં. એમએજી/સી/૧૬૩/૫૮-૧/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : એલઆઈબી/ગણેશ ઉત્સવ/જા.નાં./૧૨૯૨/૨૦૨૫, તા. ૦૫-૦૮-૨૦૨૫ ના પત્રથી દર વર્ષની જેમ આ વર્ષે ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના થનાર છે. જેથી તા. ૨૭-૦૮-૨૦૨૫ ના રોજ ગણપતિજીની મૂર્તિની સ્થાપના બાદ ગણપતિ વિસર્જન સુધીના સમય

દરમ્યાન ધાર્મિક, સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાતા હોય છે. બાદ ગણપતિ સ્થાપના સ્થળથી સરઘસ કાઢી મૂર્તિઓને પાણીમાં વિસર્જન કરી સ્થાનિક લોકો દ્વારા ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. અત્રેના પોરબંદર જિલ્લામાં અમુક ભાવિકો દ્વારા સ્થાપના કરવામા આવેલ ગણેશજીની મૂર્તિઓના સ્થાપના કર્યાના ૫(પાંચ) માં અથવા ૭(સાત) માં દિવસે સરઘસો કાઢી મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવે છે. જે અન્વયે મુદા નં. (૧) થી (૭) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત અત્રે થઈ આવેલ છે.

પર્યાવરણ (એન્વયારમેન્ટ પ્રોટેકશન) એકટ-૧૯૮૬ની કલમ-૫ મુજબ ગુજરાત સરકારના પર્યાવરણ વિભાગના પત્ર નં. ઈએનવી/૧૦/૨૦૧૦/૧૦૦૪/ઈ, તા. ૧૨-૦૭-૨૦૧૧ ની સુચના અનુસાર નામ. ગુજરાત હાઈકોર્ટ તથા મહારાષ્ટ્ર હાઈકોર્ટની સુચનાથી આપેલ આદેશ અનુસાર પર્યાવરણને નુકશાન ન થાય તે હેતુ માટે સાવચેતીના પગલા લેવા જરૂરી જણાય છે.

સબબ, હું એસ. ડી. ધનાણી, (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ હુકમ કરૂ છુ કે જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદરની હુકુમત હેઠળ આવતા સમગ્ર વિસ્તારમા તા. ૧૦-૦૮-૨૦૨૫ થી તા. ૦૭-૦૯-૨૦૨૫ સુધી બંને દિવસ સહિત નીચે જણાવેલ મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

: પ્રતિબંધિત કૃત્યો :

(૧) આ મહોત્સવ નિમિતે મૂર્તિકારો દ્વારા અગાઉથી મૂર્તિઓ તૈયાર કરવામાં આવે છે. તે દરમ્યાન મૂર્તિ બનાવવાના સ્થળે ગંદકી થવાના કારણે રોગચાળો ફેલાય નહી તથા કોઈપણ પ્રકારની મૂર્તિ રોડ ઉપર જાહેરમાં ખુલ્લી રાખવામાં ન આવે તથા મૂર્તિઓના સ્થાપના દિવસ બાદ વધેલી તથા ખંડિત મૂર્તિઓને બિનવારસુ હાલમાં ન મૂકવી.

(૨) શ્રી ગણેશજીની મૂર્તિઓ બનાવવા પ્લાસ્ટર ઓફ પેરીસ તથા કેમિકલયુકત રંગોનો ઉપયોગ કરવો નહી.

(૩) શ્રી ગણેશજીની મૂર્તિ ૯(નવ) ફુટ (બેઠક સહિત) થી ઉંચી રાખી શકાશે નહી કે સ્થાપના કરી શકાશે નહી.

(૪) કોઈપણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઈ ચિન્હ કે નિશાનીવાળી મૂર્તિઓ બનાવવા, ખરીદવા તથા વેચવા કે સ્થાપના કરવા ઉપર પ્રતિંબધ.

(૫) નકકી કરેલ વિસર્જન સ્થળો તથા લીધેલ મંજુરીમાં દર્શાવેલ સ્થળો સિવાય અન્ય જગ્યાએ મૂર્તિઓનું વિસર્જન કરવું નહી.

(૬) શ્રી ગણેશ વિસર્જન માટે સંબંધિત સત્તા પાસેથી પૂર્વ મંજુરી લેવાની રહેશે અને પરંપરાગત અને મંજુરીમાં લખવામાં આવેલ રૂટ ઉપર જ જવાનું રહેશે.

(૭) ગણેશ ઉત્સવ અન્વયે ગણેશજીની મૂર્તિ વિસર્જન અનુસંધાને Central Pollution Control Board (CPCB) GOI તેમજ ગુજરાત સરકારશ્રીના ફોરેસ્ટ અને એન્વાર્યમેન્ટ ડિપાર્ટમેન્ટની Revised Guidelines for Idol Immersion ના હુકમ મુજબની ગાઈડલાઈનની અમલવારી કરવાની રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરી કરીને કોઈ મૂર્તિકાર કે વિક્રેતાઓ દ્વારા દેવી-દેવતાઓની મૂર્તિઓની બનાવટમાં પી.ઓ.પી. ભઠ્ઠીમાં સુકેલી/ચીકણી માટી, ઝેરી અને ઉતરતી કક્ષાના સિન્થેટીક રાસાયણ કે કેમિકલ્સ, ડાયયુકત રંગોની ઉપયોગ કરેલી મૂર્તિઓ ધ્યાનમા આવશે તો તે સમયે કે વેંચાણના સમયે જપ્ત કરવામાં આવશે.

ડાયરેકટરશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાઓનો પત્ર નં. ઈએનવી/૧૦/૨૦૧૦/પાર્ટ૦-૨/૨૦૨૧/ટી, તા. ૦૪-૦૯-૨૦૨૩ દ્વારા પાઠવેલ સેન્ટ્રલ પોલ્યુશન (સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ) તરફથી દરીયા, નદી, તળાવના પાણી તથા પર્યાવરણમા થતા પ્રદુષણને અટકાવવા માટે આપેલ સુચનો તથા ધી નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના તા. ૦૯-૦૫-૨૦૧૩ ના હુકમ તથા ધી નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ, વેસ્ટર્ન ઝોન બેન્ચ, ભોપાલના તા. ૧૮-૦૮-૨૦૨૫ ના હુકમને આધારે તેમજ સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ દિલ્હીના તા. ૧૨-૦૫-૨૦૨૦ ના રિવાઈઝ માર્ગદર્શિકા મુજબનું જાહેરનામુ તા. ૧૦-૦૮-૨૦૨૫ થી તા. ૦૭-૦૯-૨૦૨૫ સુધી બંને દિવસ સહિત અમલમાં રહેશે.

આ હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર વ્યકિત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે પોરબંદર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓએ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

ઉકત જણાવેલ જોગવાઈઓ સરકારશ્રીના ગૃહ વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ તથા નામ. સુપ્રિમ કોર્ટ અને નામ. ગુજરાત હાઈકોર્ટ તેમજ અન્ય ટ્રીબ્યુનલની વખતો-વખતની સુચના/માર્ગદર્શન મુજબ ફેરફારને આધિન તથા સંબંધિતોને બંધનકર્તા રહેશે.

આજ તા. ૦૫-૦૮-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ હુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

પોરબંદર, ૦૫ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫.

એસ. ડી. ધાનાણી
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પોરબંદર.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું

જાહેરનામું

નાં. મેજી/પોલ-૧/જાહેરનામું/૩૭(૧)/૦૫/૨૦૨૫.-કચ્છ જિલ્લામાં યોજાનાર ધાર્મિક તહેવારો/મેળાઓ તથા ઉત્સવોની ઉજવણી નજરે જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ-શાંતી જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

આથી હું ડી. પી. ચૌહાણ, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૨૫-૦૫-૨૦૨૫ થી તા. ૦૮-૦૬-૨૦૨૫ સુધી બન્ને દિવસો સહિત નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહીં.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહીં.

(છ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા નહીં.

(જ) જો છટાદાર ભાષણ આપનાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) એ અથવા અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજા કોઈ વ્યક્તિઓને.

અનુસૂચિ : ''સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર''

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે. આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજરોજ તા. ૨૪-૦૫-૨૦૨૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૨૪ માહે મે, સને ૨૦૨૫.

ડી. પી. ચૌહાણ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
કચ્છ-ભુજ.

વિષય : ડ્રોન પ્રતિબંધિત જાહેરનામામાં મુક્તિ આપવા બાબત.

સંદર્ભ :

૧. અત્રેની કચેરીના તા. ૦૯-૦૫-૨૦૨૫ ના જાહેરનામાં ક્રમાંક : ડીએમ/મેજી/જાહેરનામા/૯૫/૨૦૨૫.

૨. પોલીસ અધિક્ષકશ્રીની કચેરીના તા. ૧૦-૦૫-૨૦૨૫ના પત્ર નં. LIB/જાહેરનામું/સુધારો/૧૦૯૬/૨૫.

હુકમ

નં. ડીએમ/મેજી/જાહેરનામા/૧૦૫/૨૦૨૫.-ઉપરોકત સંદર્ભ-૧ ના હુકમથી દેવભૂમિ દ્વારકા જિલ્લાના હદ વિસ્તારમાં ડ્રોન ઉડાડવા તેમજ કોઈ પણ પ્રકારના ફટાકડા ફોડવા પર પ્રતિબંધ ફરમાવતું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ હુકમ કરવામાં આવેલ છે. આ હુકમની વિગતે પોલીસ અધિક્ષકશ્રી દેવભૂમિ દ્વારકાના ઉપરોકત સંદર્ભ-૨ ના પત્રથી Remote sensing, mining, Law & Order, internal security, Defence ને મુકિત આપવા જણાવેલ છે. જે દરખાસ્ત વ્યાજબી જણાય છે.

સબબ, અત્રેની કચેરીના ઉકત સંદર્ભિત-૧ ના જાહેર કરવામાં આવેલ પ્રતિબંધાત્મક આદેશોમાંથી Remote sensing, mining, Law & Order, internal security, Defence ને મુકિત આપવા હુકમ કરવામાં આવે છે.

દેવભૂમિ દ્વારકા, ૧૦ માહે મે, સને ૨૦૨૫.

સહિ/- અવાચ્ય
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
દેવભૂમિ દ્વારકા.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું

વિષય : પી.એન.ડી.ટી. રજીસ્ટર્ડ એન્ટીનેટલ સોનોગ્રાફી કરતાં હોસ્પિટલ/કલીનિક/સંસ્થાઓમાં ફરજીયાત સી.સી.ટી.વી. કેમેરા લગાવવા બાબત.

જાહેરનામું

નં. એમએજી/સી/૧૬૩/E-૪૭૫૯૨૩/૨૦૨૫.-ડીસ્ટ્રીકટ એપ્રોપ્રિએટ ઓથોરીટી પી.સી. અને પી.એન.ડી.ટી. અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, પોરબંદરના પત્ર નં. જીપં/આરો/પોર/પી.એન.ડી.ટી./૯૪૬-૫૦/૨૦૨૫, તા. ૨૫-૦૭-૨૦૨૫ થી પોરબંદર જિલ્લાની જુદી જુદી કુલ-૧૭ પી.સી. અને પી.એન.ડી.ટી. રજીસ્ટર્ડ અને એન્ટીનેટલ સોનગ્રાફી કરતી હોસ્પિટલ/કલીનીક/સંસ્થાઓમાં ફરજીયાત સી.સી. ટીવી કેમેરા લગાવવા બાબતે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત થઈ આવેલ છે. હાલ P.C. & P.N.D.T. ACT નું રજીસ્ટ્રેશન ધરાવતી સંસ્થાઓમાંથી જે સંસ્થાઓ એન્ટીનેટલ સોનોગ્રાફી કરતી હોય તેવી પોરબંદર જિલ્લાની કુલ-૧૭ કલીનિકો/હોસ્પિટલ/સંસ્થાઓ કાર્યરત છે. આ રજીસ્ટ્રેશન ધરાવતી સંસ્થાઓમાંથી જે સંસ્થાઓ એન્ટીનેટલ સોનોગ્રાફી કરતી હોય તેમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ ફરજીયાત ૩૦ દિવસના ઓડીયો-વિડિયો રેકોર્ડિંગ (૨૪×૭ કલાક) બેકઅપ સાથે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના હેતુસર જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે. આમ, જાતિય પરીક્ષણના ગુન્હા રોકવા માટે ડીસ્ટ્રીકટ એપ્રોપ્રિએટ ઓથોરીટી પી.સી. અને પી.એન.ડી.ટી. અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જીલ્લા પંચાયત, પોરબંદર દ્વારા કરાયેલ દરખાસ્ત વાજબી જણાય છે.

સબબ, હું જે. બી. વદર (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબના P.C.& P.N.D.T. ACT નું રજીસ્ટ્રેશન ધરાવતી પોરબંદર જિલ્લાની કુલ-૧૭ હોસ્પિટલ/ક્લિનિક કે સંસ્થાઓમા નીચે મુજબ હુકમ કરુ છું કે,

(૧) પોરબંદર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં P.C. & P.N.D.T. ACT અન્વયે નોંધાયેલ કલીનીકોમાં ફરજીયાત ૩૦ દિવસના (૨૪×૭ કલાક) ઓડિયો વિડીયો બેકઅપ સાથે સી.સી.ટી.વી. કાર્યરત રાખવાના રહેશે અને સોનોગ્રાફી રૂમમાં નકકી કરેલ અધિકૃત વ્યકિત/દર્દી સિવાયની બિનઅધિકૃત વ્યકિત પ્રવેશ કરી શકશે નહી. સોનોગ્રાફી રૂમની અંદર કે જયાં દર્દીની સોનોગ્રાફી કરવામાં આવતી હોય ત્યાં સી.સી.ટી.વી. કેમેરા લગાવી શકાશે નહી.

(૨) નકકી કરેલ સોનોગ્રાફી રૂમની અંદર દાખલ થતાં કે બહાર નીકળતી વ્યકિતઓનો ચહેરો આસાનીથી ઓળખી શકાય તે રીતે સોનોગ્રાફી રૂમમાં બહારના દરવાજાના ભાગે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે. જો સોનોગ્રાફી રૂમના આવન-જાવન નાં દરવાજા અલગ અલગ હોય તો બંને સાઈડ સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે.

(૩) કોઈ હોસ્પીટલ/કલીનીક/સંસ્થા ખાતે એકથી વધુ ડોકટર હોય તેવી હોસ્પીટલ/કલીનીક/સંસ્થા ખાતે તમામ ડોકટરની ચેમ્બર કે જ્યાં સોનોગ્રાફી મશીન હોય તેવા તમામ ડોકટરની ચેમ્બરની બહારના દરવાજાનાં ભાગે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે. આ બાબત વીઝીટીંગ ડોકટરના કીસ્સામાં પણ લાગુ પાડવાની રહેશે.

(૪) સંબંધિત ડીસ્ટ્રીકટ/સબ ડીસ્ટ્રીકટ એપ્રોપ્રિએટ ઓથોરીટશ્રી દ્વારા જરૂર જણાયે જ્યારે પણ રેકોર્ડીંગનું બેકઅપ માંગવામાં આવે ત્યારે ફરજીયાત આપવાનું રહેશે તેમજ આપેલ બેકઅપમાં કોઈ ત્રુટી જણાયે સબંધિત હોસ્પીટલ/કલીનીક/સંસ્થાની જવાબદારી નકકી કરી પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એકટ-૧૯૯૪ અન્વયે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

અમલવારીનો વિસ્તાર :

આ હુકમ પોરબંદર જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૦૧-૦૮-૨૦૨૫ થી તા. ૨૯-૦૯-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધીના સમગ્ર સમયગાળા સુધી અમલી રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે હુકમની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ આથી એક તરફી ફરમાવવામાં આવે છે.

આ હુકમ અન્વયે પોરબંદર જિલ્લામાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, પોરબંદર અથવા તેના તાબાનાં સંબંધિત તાલુકા આરોગ્ય અધિકારીશ્રીઓ આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

જાહેર જનતાની જાણ સારુ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, પોરંબદર, પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તથા નાયબ માહિતી નિયામકશ્રી, પોરબંદરની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધ કરાવવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે.

આજ તા. ૩૧-૦૭-૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી હુકમ કર્યો.

અત્રેની કચેરીના જાહેરનામા
ક્રમાંક : એમએજી/સી/૧૬૩/E-૪૭૫૯૨૩/૨૦૨૫,
તા. ૩૧-૦૭-૨૦૨૫ સાથેનું પરિશિષ્ટ-૧

No.	Doctor Name	Hospital Name
1.	Dr. Piyush Chitroda	Vedant Hospital
2.	Dr. Dipti Chauhan	Anand Hospital
3.	Dr. Nashroom Chuttani	New Life Hospital
4.	Dr. Jignesh Modi	Riddhi Hospital
5.	Dr. Kailash Lakhani	Jay Hospital
6.	Dr. Nilesh Gorania	Venus Hospital
7.	Dr. Kirit Bhatt	Meera Hospital
8.	Dr. Bhavesh Parmar	Shreeji Hospital
9.	Dr. Paras Majithiya	Manan Hospital
10.	Dr. Jayesh Dabhi	Suvidha Sonography Centre
11.	Chief District Medical Officer	M. R. Hospital
12.	Dr. Muksesh Nakum	Aum Imaging Centre
13.	Chief District Medical Offocer	Civil Hospital Probandar
14.	Dr. Hira G. Kodiyatar	Siddharth Hospital & Maternity Home
15.	Dr. Ashish Kucchadiya	Vatsalya Women's And Child Care
16.	Dr. Yusuf Bhambhani	Global Hospital
17.	Dr. Janardan Joshi	Joshi's Clinic

પોરબંદર, ૩૧ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની
કલમ-૧૬૩ મુજબનું

વિષય : પી.એન.ડી.ટી. રજીસ્ટર્ડ એન્ટીનેટલ સોનોગ્રાફી કરતાં હોસ્પિટલ/ક્લીનિક/સંસ્થાઓમાં ફરજીયાત સી.સી.ટી.વી. કેમેરા લગાવવા બાબત.

જાહેરનામું

નં. એમએજી/સી/૧૬૩/ E-૩૮૦૫૨૫/૨૦૨૫.-ડીસ્ટ્રીકટ એપ્રોપ્રિએટ ઓથોરીટી પી.સી. અને પી.એન.ડી.ટી. અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, પોરબંદરના પત્ર નં. જીપં/આરો/પોર/પી.એન.ડી.ટી./ ૭૨૪-૨૭/૨૦૨૫, તા. ૨૬-૦૫-૨૦૨૫ થી પોરબંદર જિલ્લાની જુદી જુદી કુલ-૧૬ પી.સી. અને પી.એન.ડી.ટી. રજીસ્ટર્ડ અને એન્ટીનેટલ સોનગ્રાફી કરતી હોસ્પિટલ/કલીનીક/સંસ્થાઓમાં ફરજીયાત સી.સી. ટીવી કેમેરા લગાવવા બાબેત જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત થઈ આવેલ છે. હાલ P.C. & P.N.D.T. ACT નું રજીસ્ટ્રેશન ધરાવતી સંસ્થાઓમાંથી જે સંસ્થાઓ એન્ટીનેટલ સોનોગ્રાફી કરતી હોય તેવી પોરબંદર જિલ્લાની કુલ-૧૭ કલીનિકો/હોસ્પિટલ/સંસ્થાઓ કાર્યરત છે. આ રજીસ્ટ્રેશન ધરાવતી

સંસ્થાઓમાંથી જે સંસ્થાઓ એન્ટીનેટલ સોનોગ્રાફી કરતી હોય તેમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ ફરજીયાત ૩૦ દિવસના ઓડીયો-વિડિયો રેકોર્ડિંગ (૨૪×૭ કલાક) બેકઅપ સાથે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના હેતુસર જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે. આમ, જાતિય પરીક્ષણના ગુન્હા રોકવા માટે ડીસ્ટ્રીકટ એપ્રોપ્રિએટ ઓથોરીટી પી.સી. અને પી.એન.ડી.ટી. અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જીલ્લા પંચાયત, પોરબંદર દ્વારા કરાયેલ દરખાસ્ત વ્યાજબી જણાય છે.

સબબ, હું જે. બી. વદર (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબના P.C.& P.N.D.T. ACT નું રજીસ્ટ્રેશન ધરાવતી પોરબંદર જિલ્લાની કુલ-૧૭ હોસ્પિટલ/ કિલનિક કે સંસ્થાઓમા નીચે મુજબ હુકમ કરુ છું કે,

(૧) પોરબંદર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં P.C. & P.N.D.T. ACT અન્વયે નોંધાયેલ કલીનીકોમાં ફરજીયાત ૩૦ દિવસના (૨૪×૭ કલાક) ઓડિયો વિડીયો બેકઅપ સાથે સી.સી.ટી.વી. કાર્યરત રાખવાના રહેશે અને સોનોગ્રાફી રૂમમાં નકકી કરેલ અધિકૃત વ્યકિત/દર્દી સિવાયની બિનઅધિકૃત વ્યકિત પ્રવેશ કરી શકશે નહી. સોનોગ્રાફી રૂમની અંદર કે જયાં દર્દીની સોનોગ્રાફી કરવામાં આવતી હોય ત્યાં સી.સી.ટી.વી. કેમેરા લગાવી શકાશે નહી.

(૨) નકકી કરેલ સોનોગ્રાફી રૂમની અંદર દાખલ થતાં કે બહાર નીકળતી વ્યકિતઓનો ચહેરો આસાનીથી ઓળખી શકાય તે રીતે સોનોગ્રાફી રૂમમાં બહારના દરવાજાના ભાગે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે. જો સોનોગ્રાફી રૂમના આવન-જાવન નાં દરવાજા અલગ અલગ હોય તો બંને સાઈડ સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે.

(૩) કોઈ હોસ્પીટલ/કલીનીક/સંસ્થા ખાતે એકથી વધુ ડોકટર હોય તેવી હોસ્પીટલ/કલીનીક/સંસ્થા ખાતે તમામ ડોકટરની ચેમ્બર કે જ્યાં સોનોગ્રાફી મશીન હોય તેવા તમામ ડોકટરની ચેમ્બરની બહારના દરવાજાનાં ભાગે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે. આ બાબત વીઝીટીંગ ડોકટરના કીસ્સામાં પણ લાગુ પાડવાની રહેશે.

(૪) સંબંધિત ડીસ્ટ્રીકટ/સબ ડીસ્ટ્રીકટ એપ્રોપ્રિએટ ઓથોરીટશ્રી દ્વારા જરૂર જણાયે જ્યારે પણ રેકોર્ડીંગનું બેકઅપ માંગવામાં આવે ત્યારે ફરજીયાત આપવાનું રહેશે તેમજ આપેલ બેકઅપમાં કોઈ ત્રુટી જણાયે સબંધિત હોસ્પીટલ/કલીનીક/સંસ્થાની જવાબદારી નકકી કરી પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એકટ-૧૯૯૪ અન્વયે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

અમલવારીનો વિસ્તાર :

આ હુકમ પોરબંદર જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૦૧-૦૬-૨૦૨૫ થી તા. ૩૦-૦૭-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધીના સમગ્ર સમયગાળા સુધી અમલી રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે હુકમની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ આથી એક તરફી ફરમાવવામાં આવે છે.

આ હુકમ અન્વયે પોરબંદર જિલ્લામાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, પોરબંદર અથવા તેના તાબાનાં સંબંધિત તાલુકા આરોગ્ય અધિકારીશ્રીઓ આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

જાહેર જનતાની જાણ સારુ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, પોરંબદર, પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તથા નાયબ માહિતી નિયામકશ્રી, પોરબંદરની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધ કરાવવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે.

આજ તા. ૩૧-૦૫-૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી હુકમ કર્યો.

અત્રેની કચેરીના જાહેરનામા
ક્રમાંક : એમએજી/સી/૧૬૩/E-૩૮૦૫૨૫/૨૦૨૫,
તા. ૩૧-૦૫-૨૦૨૫ સાથેનું પરિશિષ્ટ-૧

No.	Doctor Name	Hospital Name
1.	Dr. Piyush Chitroda	Vedant Hospital
2.	Dr. Dipti Chauhan	Anand Hospital
3.	Dr. Nashroom Chuttani	New Life Hospital
4.	Dr. Jignesh Modi	Riddhi Hospital
5.	Dr. Kailash Lakhani	Jay Hospital
6.	Dr. Nilesh Gorania	Venus Hospital
7.	Dr. Kirit Bhatt	Meera Hospital
8.	Dr. Bhavesh Parmar	Shreeji Hospital
9.	Dr. Paras Majithiya	Manan Hospital
10.	Dr. Jayesh Dabhi	Suvidha Sonography Centre
11.	Chief District Medical Officer	M. R. Hospital
12.	Dr. Muksesh Nakum	Aum Imaging Centre
13.	Chief District Medical Offocer	Civil Hospital Probandar
14.	Dr. Hira G. Kodiyatar	Siddharth Hospital & Maternity Home
15.	Dr. Ashish Kucchadiya	Vatsalya Women's And Child Care
16.	Dr. Yusuf Bhambhani	Global Hospital
17.	Dr. Janardan Joshi	Joshi's Clinic

પોરબંદર, ૩૧ માહે મે, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/વશી/E-217-2/૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત સિંચાઈ વિભાગ, પોરબંદરના પત્ર નં. જી.પં./સિંચાઈ/પીબી/બ્રીજ-પુલ/૭૪૦/૨૦૨૫, તા. ૧૯-૦૭-૨૦૨૫ તથા તા. ૨૧-૦૭-૨૦૨૫ના પત્રથી પોરબંદર તાલુકાના અડવાણા ગામ પાસે સોરઠી નદી પર ચેકડેમ કમ કોઝવે બનાવવામાં આવેલ છે. આ સી.ડી.સી. પરથી પંચાયત માર્ગ

અને મકાન વિભાગ, પોરબંદર હસ્તકનો અડવાણા-કારાવડ રસ્તો પસાર થાય છે. આ જગ્યા પર પંચાયત માર્ગ અને મકાન વિભાગ પોરબંદર દ્વારા ઉંચા લેવલે બ્રીજ બનાવવાના કામનો જોબ નંબર પ્રદાન થતાં ટેન્ડરની કાર્યવાહી કવરામાં આવેલ. જેમાં સ્થળ સ્થિતી મુજબ રીવાઈઝડ જોબ નંબર મેળવવાની કાર્યવાહી પંચાયત માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરવામાં આવેલ છે. નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીના અભિપ્રાય મુજબ આ સી.ડી.સી. પર આવેલ નવ ગાળાઓ પૈકી અમુક ગાળાઓનું સ્લેબનું સ્ટીલ ખુલ્લુ પડી જઈ નુકશાન થયેલ છે તથા હાલ આ સી.ટી.સી.ની ઉપરવાસમાં આવેલ સોરઠી સિંચાઈ યોજનાનું ઓવરફ્લોનું પાણી પસાર થતું હોઈ ચોકકસ નિરીક્ષણ થઈ શકે તેમ નથી. આમ અહીથી પસાર થતાં વાહન વ્યવહારને અકસ્માત થવાની શકયતા હોવાથી અડવાણા-કારાવડ રસ્તા પર સોરઠી નદી પર પંચાયત માર્ગ અને મકાન વિભાગ પોરબંદર દ્વારા આ બ્રીજ બનાવવાની કામગીરી ન થાય ત્યાં સુધી ચેકડેમ કમ કોઝવે પર દ્વીચક્રી વાહનો સિવાયના તમામ વાહન વ્યવહારની અવર જવર પર પ્રતિબંધ કરવા જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત અત્રે થઈ આવેલ છે. જે અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર પાસેથી અભિપ્રાય મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.ના./અભિપ્રાય/૧૧૯૪/૨૦૨૫, તા. ૨૧-૦૭-૨૦૨૫ થી સદરહુ કામે વૈકલ્પિક રૂટ ઉપરથી વાહનોની અવર-જવર કરવા જાહેરાનામુ બહાર પાડવા અભિપ્રાય થઈ આવેલ છે.

સબબ, હું જે. બી. વદર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર, આથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ પોરબંદર તાલુકાના અડવાણા ગામ પાસે સોરઠી નદી પર આવેલ ચેકડેમ કમ કોઝવેની રીપેરીંગની કામગીરી પુર્ણ ના થાય ત્યાં સુધી દ્વીચક્રી વાહનો સિવાયના તમામ પ્રકારના વાહનોની અવર જવર કરવા પર પ્રતિબંધ ફરમાવું છુ અને નીચે મુજબના વૈકલ્પિક રૂટ ઉપરથી દ્વીચક્રી વાહનો સિવાયના તમામ પ્રકારના વાહનોએ અવર જવર કરવાના રહેશે.

(૧) અડવાણા થી સોઢાણા-ભોમીયાવદર-શણખલા થઈ કારાવડ રોડનો ઉપયોગ કરવાનો રહેશે.

શરતો :

- વાહન ચાલકે પોતાનું વાહન ગતિ મર્યાદામાં ચલાવવું અને અકસ્માતના બનાવો ન બને તેની ખાસ તકેદારી રાખવી.
- ભારે વાહન ચાલકે તેમના વાહનની સાઈઝથી વધારે અને ક્ષમતાથી વધારે માલ ન ભરવો.
- માલ ભરેલ વાહનમાં માલ ઉપર તાલપત્રી બાંધવી.
- કોઈપણ વાહન ચાલકે મ્યુઝિકલ હોર્નનો ઉપયોગ કરવો નહિ.
- ટ્રાફિક ડાયવર્ઝન અંગેના સાઈન બોર્ડ વાહન ચાલકોને દિવસ તથા રાત્રીના સમયે સ્પષ્ટ દેખાય તે રીતે લગાવવાના રહેશે.

ઉપર મુજબની વિગતે ટ્રાફિક નિયમન કરવા આથી ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ સજાને પાત્ર ઠરશે.

આજરોજ તા. ૨૧-૦૭-૨૦૨૫ ના રોજ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

પોરબંદર, ૨૧ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે જાહેરનામું

નં. એમએજી/વશી/E-217-1/૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત સિંચાઈ વિભાગ, પોરબંદરના પત્ર નં. જી.પં./સિંચાઈ/પીબી/બ્રીજ-પુલ/૭૪૧/૨૦૨૫, તા. ૧૯-૦૭-૨૦૨૫ તથા તા. ૨૧-૦૭-૨૦૨૫ના પત્રથી કુતિયાણા તાલુકાના ગોકરણ ગામ પાસે સારણ નદી પર ઓલ્ડ સ્ટેટ (રાજાશાહી) વખતનો જુના ચણતર કામનો ચેકડેમ કમ કોઝવે આવેલ છે. આ બ્રીજના અમુક ગાળા નુકશાન પામેલ હોય અને હાલ ઉપરવાસમાં આવેલ સારણ સિંચાઈ યોજનાનું ઓવરફ્લોનું પાણી પસાર થતું હોઈ આ પુલ પરથી પસાર થતાં વાહન વ્યવહારને અકસ્માત થવાની શકયતા હોવાથી હોવાથી આ બ્રીજ બનાવવાની કામગીરી પુર્ણ ન થાય ત્યાં સુધી આ ચેકડેમ કમ કોઝવે પર ભારે/મધ્યમ વાહન વ્યવહારની અવર જવર પર પ્રતિબંધ કરવા જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત અત્રે થઈ આવેલ છે. જે અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર પાસે અભિપ્રાય મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.ના./અભિપ્રાય/૧૧૯૩/૨૦૨૫, તા. ૨૧-૦૭-૨૦૨૫ થી સદરહુ કામે વૈકલ્પિક રૂટ ઉપરથી વાહનોની અવર-જવર કરવા જાહેરાનામુ બહાર પાડવા અભિપ્રાય થઈ આવેલ છે.

સબબ, હું જે. બી. વદર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર, આથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ પોરબંદર તાલુકાના કુતિયાણા તાલુકાના ગોકરણ ગામ પાસે સારણ નદી પર ઓલ્ડ સ્ટેટ (રાજાશાહી) વખતનો જુના ચણતર કામનો ચેકડેમ કમ કોઝવેની રીપેરીંગની કામગીરી પુર્ણ ના થાય ત્યાં સુધી ભારે/મધ્યમ પ્રકારના વાહનોની અવર જવર કરવા પર પ્રતિબંધ ફરમાવું છુ અને નીચે મુજબના વૈકલ્પિક રૂટ ઉપરથી ભારે/મધ્યમ પ્રકારના વાહનોએ અવર જવર કરવાના રહેશે.

(૧) પોરબંદર-રાજકોટ નેશનલ હાઈવે (NH-27)-ચૌટા ગામ-પંચાયત માર્ગ અને વિભાગ હસ્તકના ચૌટા-સિંધપુર રોડનો (કુલ અંદાજે કિ.મી. ૭) ઉપયોગ કરવાનો રહેશે.

શરતો :

- વાહન ચાલકે પોતાનું વાહન ગતિ મર્યાદામાં ચલાવવું અને અકસ્માતના બનાવો ન બને તેની ખાસ તકેદારી રાખવી.
- ભારે વાહન ચાલકે તેમના વાહનની સાઈઝથી વધારે અને ક્ષમતાથી વધારે માલ ન ભરવો.
- માલ ભરેલ વાહનમાં માલ ઉપર તાલપત્રી બાંધવી.
- કોઈપણ વાહન ચાલકે મ્યુઝિકલ હોર્નનો ઉપયોગ કરવો નહિ.
- ટ્રાફિક ડાયવર્ઝન અંગેના સાઈન બોર્ડ વાહન ચાલકોને દિવસ તથા રાત્રીના સમયે સ્પષ્ટ દેખાય તે રીતે લગાવવાના રહેશે.

ઉપર મુજબની વિગતે ટ્રાફિક નિયમન કરવા આથી ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ સજાને પાત્ર ઠરશે.

આજરોજ તા. ૨૧-૦૭-૨૦૨૫ ના રોજ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

પોરબંદર, ૨૧ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની
કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/E-331950/૨૦૨૫.-ગુજરાતમાં વિવિધ સમાજો, ખેડૂતો, વિધાર્થીઓ, શિક્ષકો તથા અન્ય સંગઠનો દ્વારા વિવિધ માંગણીઓ સબબ આંદોલનો, દેખાવો થવાની સંભાવના રહેલ છે. તે અનુસંધાને અમલમાં રહેલ પ્રતિબંધોને ધ્યાનમાં લઈ પોરબંદરમાં પણ આંદોલનો અને દેખાવો થવાની શકયતાને નકારી શકાય નહી તેમજ અન્ય મુદ્દાઓ પરત્વે વિવિધ સામાજિક અને અન્ય પ્રકારના જુથો દ્વારા પ્રદર્શન રેલીઓ કાઢવાની ચેષ્ટાઓ થઈ શકે છે. અથવા આકસ્મિક અને સ્વયંભૂ રીતે યોજાતી સભા, સરઘસ, રેલી, ધરણા, ઉપવાસ જેવા કાર્યક્રમો વખતે આગમચેતીના પગલા રૂપે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી તા. ૧૮-૦૭-૨૦૨૫ થી દરખાસ્ત થઈ આવેલ છે. આમ પ્રવર્તમાન સંજોગો ધ્યાને લેતા તેમજ પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરની દરખાસ્ત મુજબ આ જિલ્લામાં ઉકત જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે. જેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મળેલ અધિકારની રૂઈએ હું જે. બી. વદર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, આથી સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા. ૨૭-૦૭-૨૦૨૫ થી તા. ૦૯-૦૮-૨૦૨૫ સુધી બન્ને દિવસો સહિતની મુદત માટે આંદોલન, દેખાવ, વિરોધ પ્રદર્શન, રેલી કે સરઘસ કાઢવા મનાઈ ફરમાવું છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. સક્ષમ અધિકારીની કાયદેસરની પરવાનગી લઈને કાઢેલા સરઘસ સહીતના કાર્યક્રમો.

૨. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી.

૩. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિત.

૪. લગ્નનો વરઘોડો.

૫. સરકારશ્રી તરફથી યોજવામાં આવતા કાર્યક્રમો.

આ જાહેરનામા અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજ્જાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે. તેમજ ભારતીય ન્યાય સંહિતા૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને છ માસની સાદી કેદ અથવા રૂા. ૨,૫૦૦/- સુધીના દંડ અથવા બન્ને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને એક વર્ષની કેદ અથવા રૂા. ૫,૦૦૦/- (પાંચ હજાર) સુધીના દંડ સહિતની બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૩-૦૭-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૨૩ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭૧/૩૦૧૧૯૪/૨૦૨૫.-પોરબંદર જિલ્લામાં ક્રિમીનલ ગેંગોનું અસ્તિત્વ હોય પરંતુ પોલીસની કડક નીતીનાં કારણે ફાયર આર્મ્સ જેવા હથિયારોનો ઉપયોગ થતો ન હોય તેમજ ગુન્હાહીત કૃત્યમાં હથિયારો, ચપ્પુ, છરી, લાઠી, દંડા, પાઈપ, સળિયા જેવા સાધનોનો ઉપયોગ ન થાય અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થાય તે હેતુથી અને પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે હથિયાર બંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરએ તા. ૧૭-૦૭-૨૦૨૫ ના રોજ દરખાસ્ત કરેલ છે.

સબબ પોરબંદર જિલ્લા વિસ્તારમાં ઉપર્યુકત કારણોસર સુલેહ શાંતિ જળવાઈ રહે તેમજ કોઈ જાતનો અનિચ્છનીય બનાવ બને નહિ તે માટે હું, જે. બી. વદર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મળેલ સત્તાની રૂએ સમગ્ર પોરબંદર જિલ્લા પોલીસ વિસ્તારમાં તા. ૨૩-૦૭-૨૦૨૫ થી તા. ૨૦-૦૮-૨૦૨૫ સુધી બંને દિવસો સહિત નીચે પ્રમાણે મનાઈ ફરમાવું છું.

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટ વાળા કોઈ પણ જાતના છરી કે છરી જેવું હથિયાર વળે નહી તેવું, છેડેથી અણીવાળુ પાનુ હોય તેવી છરી સાથે રાખી ફરવાની અથવા તેવી કોઈ બીજી ચીજ લઈ જવી નહી.

૨. કોઈપણ સ્ફોટક પદાર્થો લઈ જવા નહિ.

૩. પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેકવાથી અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા નહી, એકઠા કરવા નહી, તથા તૈયાર કરવા નહી.

૪. કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

૫. વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા કે સળગાવવા નહી.

૬. જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યેથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ કરવાનો તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાનો, દેખાડવાની અથવા તેવો ફેલાવો કરવો નહિ.

આ હુકમ નીચેની વ્યકિતઓને તેમા દર્શાવ્યા પુરતી બાબતો માટે લાગુ પડશે નહિ.

૧. સરકારી નોકરીમાં કામ કરતી કોઈ વ્યકિત કે જેના ઉપરી અધિકારીશ્રીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાનું તેની ફરજમાં હોય તેવી વ્યકિતઓને હથિયાર લઈ જવાની બાબત માટે.

૨. પોતાની ખેતીમાં ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય અને રોજિંદા કામમાં ઉપયોગ કરી શકે તેવા આશયથી પોતાની ખેતીકામ માટે ખેતીના ઓજારો લઈ જતા હોય તેવા ખેડૂતોને ખેતીના ઓજારો લઈ જવાની બાબત માટે.

આ જાહેરનામાંના ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલ અથવા તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંના કોઈ ખંડનો ભંગ કરનાર અથવા પાલન ન કરવામાં મદદ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ એક વર્ષની મુદત સુધીની શિક્ષા અને દંડને પાત્ર થશે. આ ઉપરાંત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને માસની સાદી કેદ અથવા રૂા. ૨,૫૦૦/-સુધીના દંડ અથવા બન્ને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવનને અથવા સ્વાસ્થયને અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને એક વર્ષની કેદ અથવા રૂા. ૫૦૦૦/- પાંચ હજાર સુધીના દંડ સહિતની બન્ને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૧-૦૭-૨૦૨૫ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૨૧ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/મકાન ભાડે-નોંધણી/e-351603/૧૬૩/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર કમાંક નં. LIB/જા.ના./મકાન ભાડા/જાહેરનામું/૧૧૭૦/૨૦૨૫, તા. ૧૮-૦૭-૨૦૨૫ પત્રની વિગતે પોરબંદર જિલ્લો કોસ્ટલ એરીયા ધરાવતો જિલ્લો છે અને ગાંધીજીનું જન્મસ્થળ કિર્તીમંદિર, સુદામા મંદિર, હરી મંદિર, માધવરાય મંદિર વિગેરે જેવા વિવિધ ધાર્મિક સ્થળો તથા પોરબંદર જેટી, બિરલા સિમેન્ટ ફેકટરી, સુપર ગેસ પ્લાન્ટ વિગેરે જેવા વાયટલ ઈન્સ્ટોલેશન આવેલા છે. ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલ અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી-અસામાજીક તત્વો શહેરના રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતિ અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરતા હોય છે અને જાહેર તથા લોકોની સંપતિને નુકશાન પહોચાડે છે. નજીકના ભુતકાળમાં દેશમાં વિવિધ સંવેદનશીલ વિસ્તારોમાં આંતકવાદી હુમલાઓ થયેલ જેમાં જાનહાની તથા મિલકત હાની થયેલ હતી. આગામી સમયમાં તહેવારો દરમ્યાન તેમજ ઉકત મંદિરો ખાતે હાલ વેકેશનના કારણે બહોળા પ્રમાણમાં જનમેદની એકઠી થતી હોય તેમજ ગુપ્તચર એજન્સીઓ તરફથી અવાર નવાર આતંકવાદી પ્રવૃતિ બાબતે ઈનપુટ મળતા હોય છે. જેથી પરપ્રાંતથી આવતા આવારા તત્વો મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગેરે જગ્યા ભાડે રાખીને રહેતા હોય છે અને સ્થાનિક વિસ્તારનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈ તેઓની ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે લોકોના જાન માલ રક્ષણ કરવાની તંત્રની ફરજ છે. જેથી અત્રેના જિલ્લામાં કોઈપણ મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગેરે જગ્યા ભાડે આપનાર ઉપર જાહેર સલામતિને કારણે નિયંત્રણ મુકવા જરૂરી જણાય છે.

સમગ્ર પોરબંદર જિલ્લાના વિસ્તારમાં કોઈ મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગેરેને જગ્યાના માલિક/સંચાલકો જ્યારે પોતાનું કોઈ મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગેરે જગ્યા ભાડે પરપ્રાંતીયને ભાડે આપે ત્યારે જે તે વ્યકિતને જગ્યા ભાડે આપેલ હોય તેવી વ્યકિત પાસેથી માહિતી આધાર પુરાવા તેમજ ઓળખ મેળવીને સબંધિત પોલીસ સ્ટેશન ખાતે નીચે મુજબની જાણ કર્યા બાદ જ જગ્યા ભાડે આપે તેમજ જે તે પોલીસ સ્ટેશનને આવી જગ્યા ભાડે રાખનારની તમામ હકીકત અંગે યોગ્ય અને પુરતી ચકાસણી કરે તે રીતે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત થઈ આવેલ, હાલના પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતા પોરબંદર જિલ્લામાં પરપ્રાંતીયને મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગેરે જગ્યા ભાડે આપ્યાની નોંધણી અંગેનું દરખાસ્ત મુજબનું જાહેરનામું બહાર પાડવું અમોને ઈષ્ટ જણાય છે.

સબબ, હું જે. બી. વદર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ પોરબંદર જિલ્લાના તમામ મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલિકોએ જાતે અથવા અધિકૃત વ્યકિતઓ મારફતે જો કોઈ પરપ્રાંતીય વ્યકિત અથવા અગર તો આ માટે આવા મકાન માલિકો ખાસ સત્તા આપેલ વ્યકિત/સંસ્થાને અત્રેના જિલ્લામાં મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ભાડે આપે ત્યારે ફરજીયાત નિયમ નમુના મુજબની જાણ સબંધિત પોલીસ સ્ટેશન કરવાની રહેશે.

મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગેરેના માલિકો જગ્યા ભાડે આપતી વખતે સબંધિત પોલીસ સ્ટેશનમાં જાણ કરવાનું નિયત નમુનો

ક્રમ	મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/ દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગેરે જગ્યાના માલિક/સંચાલકનું નામ, સરનામું, ટેલીફોન નંબર/ મોબાઈલ નંબર તથા ભાડે આપેલ મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/ દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજની વિગત જેમાં કયાં વિસ્તારમાં આવેલ છે અને મકાનનું બાંધકામ કેટલા ચો.મી. છે ?	મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/ દુકાન/ગોડાઉન/ કોલ્ડ સ્ટોરેજ વિગેરે ભાડે આપવા સત્તા ધરાવતા વ્યકિતનું નામ/ સરનામું/ટેલીફોન નંબર/મોબાઈલ નંબર	મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/ દુકાન/ગોડાઉન/ કોલ્ડ સ્ટોરેજ વિગરે કઈ તારીખથી ભાડે આપેલ છે તથા માસિક ભાડું કેટલું છે?	જે વ્યકિતને મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગરે ભાડે આપેલ છે તેનું પુરૂ નામ તથા સરનામું તથા હાલનું સરનામું, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર, ફોટોગ્રાફ વિગેરે	જે વ્યકિતને મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/દુકાન/ ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગરે ભાડે આપેલ છે તેમના મુળ વતનનું પાકુ સરનામું તથા વતનમાં ઓળખતા ત્રણ સગા સબંધીના નામ/સરનામા/ મોબાઈલ નંબર	મકાન/ઔદ્યોગિક એકમ/ઓફિસ/ દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ વિગેરેના ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યકિતનું નામ, સરનામું, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)

આ જાહેરનામુ તા. ૨૩-૦૭-૨૦૨૫ થી તા. ૨૦-૦૯-૨૦૨૫ (આ જાહેરનામું બીજો હુકમ થતાં) સુધી અમલમાં રહેશે.

હું એવો આદેશ કરૂ છું કે, પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર દ્વારા આ હુકમ પોરબંદર જિલ્લામાં બહોળી પ્રસિધ્ધી અર્થે સમગ્ર જિલ્લામાં જાહેર જનતા જોઈ શકે તેવા વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવેલ તેવા સ્થળોએ તેની નકલ ચોટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે અથવા સ્થાનિક કેબલ ઓપરેટરો મારફત તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આ જાહેરનામાનો ઉલ્લઘંન કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે પોરબંદર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જા પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિતઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ અન્વયે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૩-૦૭-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો મારી પ્રસિધ્ધ કરવામાં અવ્યું.

જુનાગઢ, ૨૩ માહે જુલાઈ, સને ૨૦૨૫.

જે. બી. વદર
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર.

જાહેરનામુ

નં. ડી.એમ./વશી/૧૩૬૧/૨૦૨૫.-બોટાદ જિલ્લામાં વિવિધ ઔદ્યોગિક એકમોમાં રોજગારી અર્થે મજુરો/કારીગરો/કર્મચારીઓ/દેશ રાજ્ય/જિલ્લા બહારથી મોટી સંખ્યામાં રોજગારી અર્થે ઘરઘાટી, ચોકીદાર, કારખાનામાં, મકાન બાંધકામમાં, પોલ્ટ્રી ફાર્મ ઉદ્યોગમાં, હીરા ઉદ્યોગમાં, ફેકટરીઓમાં અને ખેતીના તેમજ વેપાર-ધંધામાં મજુર તરીકે જિલ્લામાં આવે છે. જેમાં અમુક ગુન્હાહિત ઈતિહાસ ધરાવતા તથા ગુન્હાહિત માનસ ધરાવતા ઈસમો હોય તેવી સંભાવના નકારી શકાય તેમ નથી. અમુક કિસ્સાઓમાં તેમના વતનમાં કે અન્ય શહેરમાં ગંભીર ગુન્હાઓ આચરી અન્ય જિલ્લામાં આશરો લેતા હોય અને આવા મજુરોના ટુકા નામ સિવાય માલિક પાસે વિશેષ કોઈ માહિતી હોતી નથી જેથી આવા સંજોગોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા અને ભવિષ્યમાં કોઈ હુન્હેગાર ગુન્હો કરી નાસી જાય તેવા સંજોગો માટે વ્યકિતની ચોકકસ ઓળખ પ્રસ્થાપિત થવી આવશ્યક જણાય છે. ઉપરાંત પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લેતા દેશની આંતરીક સુરક્ષા માટે પણ આ બાબત યોગ્ય અને ઈચ્છનીય નથી.

જેથી તે માટે જાહેર હિતમાં હું પી. એલ. ઝણકાત (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ (ભારતના ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨જો) ની કલમ-૧૪૪) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે,

(૧) કોઈપણ સંસ્થા/એકમ તરફથી શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનાર તમામનાં નામ, સરનામા/સંપર્ક નંબર સાથેનું સુવાચ્ય રજીસ્ટર તથા રજીસ્ટરમાં પુરૂષ શ્રમિકો/કામદારો/રોજગારી મેળવાનારનો ડાબા હાથનો અંગુઠો અને સ્ત્રી શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારનો જમણા હાથના અંગુઠાના નિશાન સાથેનું રજીસ્ટર રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમે નિયમીતપણે નિભાવવાનું રહેશે.

(૨) દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવાનારની સંપૂર્ણ ઓળખ, નામ, સરનામુ, ટેલીફોન/મોબાઈલ નંબરની સંપૂર્ણ સુવાચ્ય વિગતો પણ રજીસ્ટરમાં નોંધવાની જવાબદારી જે તે રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમના માલીકોએ નિયમિતપણે નિભાવવાની રહેશે.

(૩) દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવાનારના ઓળખકાર્ડ (ચૂંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) વિગેરેની ફોટો કોપી જે તે સંસ્થા એકમ ખાતે સુરક્ષિત રાખવાની રહેશે.

(૪) દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવાનારના રજીસ્ટર વ્યવસ્થિત બનાવી, તમામની ફોટો ઓળખકાર્ડ (ચૂંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) સહિતની યાદી રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમે સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે અચુક આપવાની રહેશે.

(૫) કામે રાખેલ શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનાર પૈકી છુટા થાય તો તેની વિગત તથા નવા ઉમેરાયેલા નામોની યાદી ફોટો ઓળખકાર્ડ (ચૂંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) સહિત તુરંત જ મદદનીશ શ્રમ આયુકતશ્રી, બોટાદને તથા જે તે વિસ્તારના નજીકના પોલીસ સ્ટેશનને પુરી પાડવાની રહેશે.

(૬) કોઈપણ લેબર કોન્ટ્રાકટરો નોંધણી કરાવ્યા સિવાય ઔદ્યોગિક એકમોને શ્રમિકો/કામદારો/રોજગારી પુરા પાડી શકશે નહી. તેવી જ રીતે ઔદ્યોગિક એકમ પણ નોંધણી સિવાયના લેબર કોન્ટ્રાકટરોથઈ શ્રમિકો/કામદારો/રોજગારી મેળવી શકશે નહી.

- આ હુકમ તા. ૧૩-૦૭-૨૦૨૫ થી તા. ૧૦-૦૯-૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.
- આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર બનશે.
- આ હુકમ અન્વયે બોટાદ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોઈ, આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્રો તથા જિલ્લાના તમામ સિનેમા ગૃહો, વિડીયો ગૃહો તથા કેબલ ઓપરેટરો મારફતે બહોળી પ્રસિધ્ધિ દ્વારા તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો/પોલીસ ચોકીઓ, તમામ મામલતદાર કચેરીઓ તથા પોલીસ અધિક્ષકશ્રી, બોટાદની કચેરીના નોટીસ બોર્ડ ઉપર આ હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીશ્રીએ આ હુકમની જાહેર જનતા સહેલાઈથી વાંચી શકે તે રીતે યોગ્ય સાઈઝના બોર્ડ બનાવી, તેઓના કાર્યક્ષેત્રમાં આવેલ જાહેર સ્થળોએ મુકવાના રહેશે. આ હુકમની સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધિ કરવી.

આજ તારીખ : ૦૯-૦૭-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યુ.

બોટાદ, ૦૯ માહે જુલાઈ, સને ૨૦૨૫.

પી. એલ. ઝણકાત
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની (આંક-૨૨) ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામુ

નં. ડીએમ/વશી/૧૫૧૬/૨૦૨૫.-બોટાદ જિલ્લામાં જુદી-જુદી સંસ્થાઓ/રાજકીય પાર્ટીઓ/અરજદારશ્રીઓ દ્વારા વિવિધ માંગણીઓ તથા રજુઆતો કરવા સભા/સરઘસ/રેલી/ઉપવાસ જેવા કાર્યક્રમ કરતા હોય છે. જેના કારણે તંગદીલી જેવુ વાતાવરણ સર્જાય અને આવા કિસ્સામાં મોટી સંખ્યામાં લોક દ્વારા તેમની રજુઆત કરતા વર્ગવિગ્રહ જેવા બનાવો પણ જિલ્લામાં બનવાની શકયતા હોય છે. તેમજ ભુતકાળના બનાવો ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે. અને માલ મિલ્કતને નુકશાન થાય છે. તેવી માહિતી રજુ કરી પોલીસ અધિક્ષકશ્રી બોટાદ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે. જેથી બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ-રેલી વગર પરવાનગીએ કાઢે નહી તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવુ જરૂરી જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, ભાર્ગવ પટેલ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું સમગ્ર બોટાદ જિલ્લાના વિસ્તારમાં તા. ૩૧-૦૭-૨૦૨૫ ના રોજ થી તા. ૧૪-૦૮-૨૦૨૫ (બન્ને દિવસ સહિત) સુધીની મુદત માટે કોઈ પણ સભા/સરઘસ/રેલી માટે મનાઈ હુકમ ફરમાવુ છુ. આદેશ કરૂ છું કે આ હુકમ નીચનાઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતને.

(૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સબંધીત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી/સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

અનુસુચિ :

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ દંડની પણ સજા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેના ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલાં વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૨૯-૦૭-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૨૯ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ભાર્ગવ પટેલ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બોટાદ.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી)(સી) હેઠળનું

વંચાણે : કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, રાજકોટના તા. ૧૧-૦૭-૨૫ના પત્ર નં. પીબી/રાધોમાવિરા/એનએચ-૫૧/૨૦૨૫/૧૫૭૪

જાહેરનામું

નં. મજસ-૧/ભારે વાહન અંગેનું જા.નામું./૨૦૨૫/વશી/૦૭/૨૦૨૫.-

૧. કાર્યપાલક ઈજનેર, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, રાજકોટના વંચાણવાળી દરખાસ્તની વિગતે રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૫૧ (ધ્રાંગધ્રા-કુટા રોડ) પર કુડા નજીક કિ.મી. ૨૫૫+૧૩૫ પર આવેલ મેજર બ્રીજ અંદાજીત ૪૦ વર્ષ પહેલા બનાવવામાં આવેલ છે. સદર બ્રીજના વિઝ્યુલ ઈન્સ્પેકશન દરમિયાન નુકશાન જોવા મળેલ હતું. ''પુલ જુનો હોવાથી ભારે તથા ઓવર લોડેડ વાહનોએ પ્રવેશ કરવો નહી'' તેવા સાઈન બોર્ડ બ્રીજની બન્ને બાજુ મુકવામાં આવેલ છે. બ્રીજની હાલની માળખાકિય પરિસ્થિતિ Critical category માં હોય જન અને જાહેર સલામતી માટે બ્રીજ પર ભારે વાહનોના પ્રવેશ માટે ફરજીયાત પ્રતિબંધ મુકવા અંગેનું જાહેરનામું બહાર પાડવા અત્રેને દરખાસ્ત કરેલ છે.

૨. કાર્યપાલક ઈજનેર, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, રાજકોટની દરખાસ્ત મુજબ ''ભારે તથા ઓવરલોડેડ વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ/ડાયવર્ઝન'' અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાતું હોય, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ હેઠળ અમોને મળેલ સત્તાની રૂઈએ હું આર. કે. ઓઝા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો આ જાહેરનામાની તારીખથી સદર મેજર બ્રિજની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી નીચે દર્શાવેલ રૂટો પર ભારે તથા ઓવર લોડેડ વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ/ડાયવર્ઝન આપવા જાહેર કરૂ છું.

વૈકલ્પિક રસ્તો :

- ધ્રાંગધ્રા બાયપાસ થી વિરેન્દ્રનગરથી કુડા જતા ભારે/મોટા તથા ઓવર લોડેડ વાહનો માટે ધ્રાંગધ્રા-હળવદ-અમરાપર-રણમલપુર-એંજાર થી કુડા વાળા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

૩. જો કોઈ ઈસમ ઉપરોકત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

૪. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલથી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોટાડી અને તે વિસ્તારમાં પોલીસ દ્વારા લાઉડ સ્પીકર વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તારીખ માહે સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

સુરેન્દ્રનગર, ૧૨ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-33(૧)(બી)(સી) હેઠળનુ જાહેરનામું

વંચાણે :

(૧) કાર્યાપાલક ઈજનેરશ્રી, સૌરાષ્ટ્ર શાખા નહેર વિભાગ નં. ૫/૧/પીબી/ધ્રાં.શ.ન./MDRB Ch-43, 107/1715

(૨) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૫-૦૭-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જાહેરનામું/૪૫૦/૨૫.

જાહેરનામું

૧. નં. મજસ-૧/૩૮ ડાઈવર્ટ જા.નામું/૨૦૨૫/વશી-૩૪૫૪ થી ૩૪૭૯.- વંચાણ ક્રમાંક-૧ વાળા પત્રની વિગતે સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા થી કુડા તરફ જતા વિરેન્દ્રગઢ, નરાળી, નિમકનગર, કુડા જેવા ગામોના અવર-જવર માટે ધ્રાંગધ્રા શાખા નહેર પર સાંકળ ૪૩.૧૦૭ કિ.મી. પર MDRB (વિલેજ બ્રિજ) ના સ્ટ્રક્ચર પરિસ્થિતિ ક્રિટિકલ સ્થિતિમાં હોય તથા ભવિષ્યમાં અકસ્માત થવાની સંભાવના હોય, તેમજ જાનમાલની નુકશાની ન થાય તે કારણોસર જ્યાં સુધી MDRB સ્ટ્રકટરની મરામત ન થાય ત્યાં સુધી સદરહું પુલના સ્ટ્રક્ચર પરથી થતો વાહન વ્યવહાર બંધ કરવા જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત કરેલ છે.

૨. જે અન્વયે વંચાણ-૨ વાળા નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરેન્દ્રનગરના પત્રથી સદર બ્રિજના વાહન વ્યવહારના ટ્રાફિકને ડાયવર્ટ કરવા અભિપ્રાય રજુ કરવામાં આવેલ છે.

૩. વંચાણ ક્રમાંક-૧ વાળી દરખાસ્ત અને વંચાણ ક્રમાંક-૨ વાળા નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરેન્દ્રનગરના અભિપ્રાયો ધ્યાને લઈ ધ્રાંગધ્રા શાખા નહેર પર સાંકળ ૪૩.૧૦૭ કિ.મી. પર MDRB (વિલેજ બ્રિજ) આવેલ પુલ પર વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ/ડાયવર્ઝન'' અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાતુ હોય, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ હેઠળ અમોને મળેલ સત્તાની રૂઈએ હું આર. કે. ઓઝા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો આ જાહેરનામાની તારીખથી ઉકત પુલના નવીનીકરણ/રીપેરીંગની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી પુલ પર વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ/ડાયવર્ઝન આપવા જાહેર કરૂ છું.

વૈકલ્પિક રસ્તો :

નાના વાહનો (LMV/LCV/2-Wheelers) માટે

૧. સાંકળ ૪૩.૧૦૭ કિ.મી. પર ૫૦૦ મીટર પૂર્વ તરફ હયાત પરંતુ બિન-ઉપયોગી રેલ્વે લાઈન પરથી કુડા તરફ તેમજ ધ્રાંગધ્રા તરફ જતા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

૨. ધ્રાંગધ્રા થી કુડા તરફ અવર-જવર માટે ધ્રાંગધ્રા-રાજપર-જુના ઘનશ્યામગઢ-જસમતપુર-કુડા વાળા જતા રસ્તાનો તથા ધ્રાંગધ્રા-રાજપર-કંકાવટી-જસમતપુર-કુડા વાળા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

મોટા-ભારે તથા માલવાહક વાહનો માટે

ધ્રાંગધ્રા થી કુડા તરફ અવર-જવર માટે ધ્રાંગધ્રા-હળવદ-અમરાપર-રણમલપુર-એંજાર-કુડા વાળા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

૨. ધ્રાંગધ્રા થી કુડા તરફ અવર-જવર માટે ધ્રાંગધ્રા-રાજપર-જુના ઘનશ્યામગઢ-જસમતપુર-કુડા વાળા જતા રસ્તાનો તથા ધ્રાંગધ્રા-રાજપર-કંકાવટી-જસમતપુર-કુડા વાળા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

૪. જો કોઈ ઈસમ ઉપરોકત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

૫. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ દ્વારા લાઉડ સ્પીકર વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તારીખ ૧૯ માહે જુલાઈ સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ જાહેરનામું બહાર પાડવામા આવ્યું.

સુરેન્દ્રનગર, ૧૯ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-33(૧)(બી)(સી) હેઠળનુ જાહેરનામું

વંચાણે :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, નર્મદા યોજના નહેર વર્તુળ નં. ૬, ગાંધીનગરના તા. ૧૧-૦૭-૨૫ ના જા. નં. નયોનવન-૬/પીબી-૧/ફા-૩૭-A/ડાયવર્ઝન/૪૬-૧૦૪/૧૮૫૭.

(૨) કાર્યાપાલક ઈજનેરશ્રી, સૌરાષ્ટ્ર શાખા નહેર વિભાગ નં. ૫/૧/પીબી/ધ્રાંગધ્રાના તા. ૧૪-૦૭-૨૫ ના જા.નં. સૌશાનવિ/૫-૧/પીબી-૧/બ્રિજ-ઈન્સપેકશન/૧૩૪૦.

(૩) કા.ઈ.શ્રી, સૌરાષ્ટ્ર શાખા નહેર વિભાગ નં. ૨/૧, ધ્રાંગધ્રાના તા. ૧૪-૦૭-૨૦૨૫ના જા.નં. સૌ.શા.ન.વિ.૨/૧/પીબી/પુલ/ભારે વાહન પ્રતિબંધ/૯૩૬.

(૪) કા.ઈ.શ્રી, સૌરાષ્ટ્ર શાખા નહેર વિભાગ નં. ૩/૧, બોટાદના તા. ૧૪-૦૭-૨૦૨૫ના જા.નં. સૌ.શા.ન.વિ.૩/૧/પીબી/કેનાલ બ્રિજ/૧૨૮૨.

(૫) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૭-૦૭-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જાહેરનામું/૪૫૫/૨૫.

જાહેરનામું

૧. નં. મજસ-૧/૩૮ ડાઈવર્ટ જા.નામું/૨૦૨૫/વશી-૩૫૦૬ થી ૩૫૩૩.-વંચાણ ક્રમાંક-૧ થી ૪ વાળા પત્રની વિગતે સુરેન્દ્રનગર અલગ અલગ સ્થળોએ આવેલ પુલોની હાલની માળખાકિય પરિસ્થિતિ critical category માં હોય પુલો પરના વાહન વ્યવહાર બંધ કરી રૂટ ડાયવર્ઝન કરવા અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

૨. વંચાણ ક્રમાંક-૫ વાળા નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરેન્દ્રનગરના પત્રથી સુરેન્દ્રનગર જિલ્લાના અલગ-અલગ સ્થળોએ આવેલ બંધ કરવાના થતા પુલો અંગે રૂટ ડાયવર્ઝન કરવા અભિપ્રાય આપેલ છે.

૩. વંચાણ ક્રમાંક-૧ થી ૪ ની દરખાસ્તો અને વંચાણ ક્રમાંક-૫ વાળા નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરેન્દ્રનગરના અભિપ્રાયો ધ્યાને લઈ આ સાથેના પરિશિષ્ટ મુજબના પુલો પર વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ/ડાયવર્ઝન'' અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાતુ હોય, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ હેઠળ અમોને મળેલ સત્તાની રૂઈએ હું આર. કે. ઓઝા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરન્દ્રનગર જિલ્લો આ જાહેરનામાની તારીખથી પુલોના નવીનીકરણ/રીપેરીંગની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી આ સાથેના પરિશિષ્ટમાં ઉલ્લેખિત પુલો પર વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ/ડાયવર્ઝન આપવા જાહેર કરૂ છું.

૪. જો કોઈ ઈસમ ઉપરોકત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

૫. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ દ્વારા લાઉડ સ્પીકર વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તારીખ ૧૯ માહે જુલાઈ સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ જાહેરનામું બહાર પાડવામા આવ્યું.

તા. ૧૯-૦૭-૨૦૨૫ના જાહેરનામા નં. મજસ-૧/૩૮ ડાયવર્ઝન જા.નામુ./૨૦૨૫/વશી ૩૫૦૬ થી ૩૫૩૩ સાથેનું પરિશિષ્ટ

ક્ર. નં.	શાખાનું નામ	જાહેરનામાથી બંધ કરવામાં આવેલ પુલનું નામ/ વિગત	વૈકલ્પિક રૂટ
૧	સૌરાષ્ટ્ર શાખા નહેર	સુરેન્દ્રનગરથી ધ્રાંગધ્રા જતા દુધરેજ કેનાલ પર આવેલ પુલ (તમામ પ્રકારના વાહન માટે પ્રતિબંધિત)	મોટા તથા માલવાહક વાહનો માટે : (૧) ધ્રાંગધ્રા તરફથી આવતા મોટા વાહનોને સુરેન્દ્રનગર, લીંબડી, મુળી, ચોટીલા, રાજકોટ તરફ જવા માટે ધ્રાંગધ્રા થી કોંઢ, સરા, સરલા જતા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે. (૨) મુળી, ચોટીલા, રાજકોટ તરફથી આવતા મોટા વાહનોને ધ્રાંગધ્રા જવા માટે મુળી, સરલા, સરા, કોંઢ થી ધ્રાંગધ્રા જવાના રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે. (૩) સુરેન્દ્રનગર, લીંબડી તરફથી આવતા વાહનોને ધ્રાંગધ્રા તરફ જવા માટે ગેબનશાબ પીર સર્કલથી લખતર, વણા, માલવણ જવાના રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.
			નાના વાહનો માટે : (૧) ધ્રાંગધ્રા તરફથી આવતા નાના વાહનોને વટેશ્વર વન તરફ નર્મદાના કેનાલના રોડ પર આગળ ૫૦૦ મીટર પર નર્મદા કેનાલ પર આવેલ પુલ પરથી સુરેન્દ્રનગર તરફ જતા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે. (૨) સુરેન્દ્રનગર તરફથી ધ્રાંગધ્રા તરફ આવતા નાના વાહનોને જવા માટે સી. યુ. શાહ મેડીકલ કોલેજ વાળા રસ્તે થી નર્મદા કેનાલની ડાબી બાજુ નર્મદાના કેનાલના રોડ પર આગળ ૫૦૦ મીટર પર નર્મદા કેનાલ પરના પુલ પરથી ધ્રાંગધ્રા તરફ જતા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.
૨	સૌરાષ્ટ્ર શાખા નહેર	સૌરાષ્ટ્ર શાખા નહેરની સાંકળ ૬૪.૨૩૫ કિ.મી. ગામ ઢાંકી (ઢાંકી-છારદને જોડતો) પુલ (તમામ પ્રકારના વાહન માટે પ્રતિબંધિત)	સૌરાષ્ટ્ર શાખા નહેરની સાંકળ ૬૩.૫૦૦ કિ.મી. પર આવેલ છારદ ગામના પુલનો વૈકલ્પિક રસ્તા તરીકે ઉપયોગ કરવાનો રહેશે. (ગામ-છારદ)
૩	સૌરાષ્ટ્ર શાખા નહેર	સૌરાષ્ટ્ર શાખા નહેરની સાંકળ ૬૬.૦૬૦ કિ.મી. ગામ ઢાંકી (ઓળક-ઢાંકી-લીલાપુરને જોડતો) પુલ (તમામ પ્રકારના વાહન માટે પ્રતિબંધિત)	ઉમય નદી ઉપર બાંધવામાં આવેલ (ગામ-ઢાંકી) કેનાલ સાઈફનનો રસ્તો જે સાંકળ ૬૫.૪૯૦ કિ.મી. પર આવેલ છે. જેને વૈકલ્પિક વ્યવસ્થા તરીકે ઉપયોગ કરવાનો રહેશે. (ગામ-ઢાંકી)

ક્ર. નં.	શાખાનું નામ	જાહેરનામાથી બંધ કરવામાં આવેલ પુલનું નામ/ વિગત	વૈકલ્પિક રૂટ
૪	સૌરાષ્ટ્ર શાખા નહેર	સૌરાષ્ટ્ર શાખા નહેરની સાંકળ ૯૩.૬૦૦ કિ.મી. ગામ રાજપર (રાજપર ગામને ખેતરો સાથે જોડતો) પુલ (તમામ પ્રકારના વાહન માટે પ્રતિબંધિત)	સૌરાષ્ટ્ર શાખા નહેરની સાંકળ ૯૪.૭૧૦ કિ.મી. પર આવેલ રાજપર ગામના પુલનો વૈકલ્પિક રસ્તા તરીકે ઉપયોગ કરવાનો રહેશે. (ગામ-રાજપર)
૫	સૌરાષ્ટ્ર શાખા નહેર	સૌરાષ્ટ્ર શાખા નહેરની સાંકળ ૮૦.૭૩૦ કિ.મી. ગામ લખતર-બજરંગપુરાને જોડતો પુલ (તમામ પ્રકારના વાહન માટે પ્રતિબંધિત)	સૌરાષ્ટ્ર શાખા નહેરની સાંકળ ૮૩.૬૯૦ કિ.મી. પર આવેલ બજરંકપુરા ગામના પુલનો વૈકલ્પિક રસ્તા તરીકે ઉપયોગ કરવાનો રહેશે. (ગામ-બજરંગપુરા)
૬	સૌરાષ્ટ્ર શાખા નહેર	સૌરાષ્ટ્ર શાખા નહેરની સાંકળ ૯૯.૬૦૦ કિ.મી. ગામ મુળચંદ-દુધરેજને જોડતો પુલ (તમામ પ્રકારના વાહન માટે પ્રતિબંધિત)	સૌરાષ્ટ્ર શાખા નહેરની સાંકળ ૧૦૨.૦૯૦ કિ.મી. પર આવેલ દુધરેજ ગામના પુલનો ઉપયોગ કરવાનો રહેશે. (ગામ-દુધરેજ)
૭	સૌરાષ્ટ્ર શાખા નહેર	સૌરાષ્ટ્ર શાખા નહેરની સાંકળ ૭૪.૨૫૦ કિ.મી. ગામ આદલસર (અદલસર-લખતરને જોડતો પુલ (તમામ પ્રકારના વાહન માટે પ્રતિબંધિત)	વૈકલ્પિક રસ્તો માટે સાંકળ ૭૨.૧૨૭ કિ.મી. પર આવેલ લીલાપુર ગામના પુલનો ઉપયોગ કરવાનો રહેશે. (ગામ-લીલાપુર)
૮	સૌરાષ્ટ્ર શાખા નહેર	ધ્રાંગધ્રા શાખા નહેર ની સાંકળ ૯૧૨૪ મીટર પર આવેલ પી.આર.બી. પુલ (વણા થી ડુમાણાને જોડતો પુલ (તમામ પ્રકારના વાહન માટે પ્રતિબંધિત)	વૈકલ્પિક રસ્તા માટે વણા થી ડુમાણા જવા સાંકળ ૯૫૯૫ મીટર પર આવેલ વણા ગામના પુલનો ઉપયોગ કરવાનો રહેશે. (ગામ-વણા)
૯	સૌરાષ્ટ્ર શાખા નહેર	મોજે-ભરાડા ગામે માળીયા શાખા નહેર-નર્મદા કેનાલના MDRB અને UVRB પુલની અનુક્રમે સાંકળ ૩૭.૩૯૫ કિ.મી. તથા ૪૧.૧૯૦ કિ.મી. પર આવેલ પુલ (તમામ પ્રકારના વાહન માટે પ્રતિબંધિત)	(૧) સાંકળ ૩૭.૩૯૫ કિ.મી. પર આવેલ પુલના વૈકલ્પિક રસ્તા માટે સાંકળ ૩૮.૨૮૫ કિમી પાસે આવેલ સી.એસ.વાય.સ્ટ્રકચર પુલનો (ગામ-ભરાડા) તથા (૨) સાંકળ ૪૧.૧૯૦ કિમી પરના પુલના વૈકલ્પિક રસ્તા માટે સાંકળ ૩૯-૬૪૦ કિમી પાસે આવેલ સી.એસ.વાય સ્ટ્રકચરનો ઉપયોગ કરવાનો રહેશે. (ગામ-ભરાડા)
૧૦	સૌરાષ્ટ્ર શાખા નહેર	બૌટાદ શાખા નહેર પર સાંકળ-૯૮૭૦ મીટર (ટીંબા થી ખોલડીયાદને જોડતો પુલ) (તમામ પ્રકારના વાહન માટે પ્રતિબંધિત)	વૈકલ્પિક રસ્તા માટે ટીંબા ગામથી માળોદ ગામ બાજુ જતા કેનાલ પર આવેલ સાંકળ-૭૯૭૦ અને સાંકળ-૬૮૮૦ ના પુલનો ઉપયોગ કરવાનો રહેશે.
૧૧	સૌરાષ્ટ્ર શાખા નહેર	બૌટાદ શાખા નહેર પર સાંકળ-૮૭૯૦ મીટર (માળોદ થી ટીંબાને જોડતો પુલ) (મોટા-ભારે તથા માલવાહક વાહન માટે પ્રતિબંધિત)	વૈકલ્પિક રસ્તા માટે ટીંબા ગામથી ગુંદિયાળા ગામ બાજુ જતા કેનાલ પર આવેલ સાંકળ-૭૯૭૦ અને સાંકળ-૧૨૪૮૦ અને સાંકળ-૬૮૮૦ ના પુલનો ઉપયોગ કરવાનો રહેશે.
૧૨	સૌરાષ્ટ્ર શાખા નહેર	બૌટાદ શાખા નહેર પર સાંકળ-૧૦૯૩૦ મીટર ગામ ટીંબા (ટીંબા થી ખોલડીયાદને જોડતો પુલ) (મોટા-ભારે તથા માલવાહક વાહન માટે પ્રતિબંધિત)	વૈકલ્પિક રસ્તા માટે ટીંબા ગામથી ગુંદિયાળા ગામ બાજુ જતા કેનાલ પર આવેલ સાંકળ-૭૯૭૦ અને સાંકળ-૧૨૪૮૦ અને સાંકળ-૬૮૮૦ ના પુલનો ઉપયોગ કરવાનો રહેશે.

સુરેન્દ્રનગર, ૧૯ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી)(સી) હેઠળનુ જાહેરનામું

વંચાણે :

(૧) ના.કા.ઈ.શ્રી, માર્ગ અને મકાન પેટા વિભાગ નં. ૨, સુરેન્દ્રનગરના તા. ૧૪-૦૭-૨૦૨૫ ના પત્ર નં. પીબી/૪૨૧.

(૨) કા.ઈ.શ્રી પંચાયત માર્ગ અને મકાન વિભાગ, સુરેન્દ્રનગરના તા. ૧૪-૦૭-૨૦૨૫ના પત્ર નં. પી.બી./૦૧/ધ્રાંગધ્રા/૧૬૦.

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરેન્દ્રનગરના તા. ૧૭-૦૭-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : એલઆઈબી/જાહેરનામું/૪૫૫/૨૫.

જાહેરનામું

૧. નં. મજસ-૧/રૂટ ડાઈવર્ઝન જા.નામું/૨૦૨૫/વશી-૩૪૮૦ થી ૩૫૦૫.-વંચાણ ક્રમાંક-૧ થી ૨ વાળા પત્રની વિગતે સુરેન્દ્રનગર જિલ્લાના અલગ અલગ સ્થળોએ આવેલ પુલોની હાલની માળખાકિય પરિસ્થિતિ critical category માં હોય પુલો પરના વાહન વ્યવહાર બંધ કરી રૂટ ડાયવર્ઝન કરવા અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

૨. વંચાણ ક્રમાંક-૩ વાળા નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરેન્દ્રનગરના પત્રથી સુરેન્દ્રનગર જિલ્લાના અલગ-અલગ સ્થળોએ આવેલ બંધ કરવાના થતા પુલો અંગે રૂટ ડાયવર્ઝન કરવા અભિપ્રાય આપેલ છે.

૩. વંચાણ ક્રમાંક-૧ થી ૨ ની દરખાસ્તો અને વંચાણ ક્રમાંક-૩ વાળા નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરેન્દ્રનગરના અભિપ્રાયો ધ્યાને લઈ આ સાથેના પરિશિષ્ટ મુજબના પુલો પર વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ/ડાયવર્ઝન'' અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાતુ હોય, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ હેઠળ અમોને મળેલ સત્તાની રૂઈએ હું આર. કે. ઓઝા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સુરેન્દ્રનગર જિલ્લો આ જાહેરનામાની તારીખથી પુલોના નવીનીકરણ/રીપેરીંગની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી આ સાથેના પરિશિષ્ટમાં ઉલ્લેખિત પુલો પર વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ/ડાયવર્ઝન આપવા જાહેર કરૂ છું.

૪. જો કોઈ ઈસમ ઉપરોકત જાહેરનામાનો ભંગ કરશે, તેમ કરવામાં મદદગારી કરશે તો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

૫. સુરેન્દ્રનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું સુરેન્દ્રનગર જિલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય, વાંચી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડી અને તે વિસ્તારમાં પોલીસ દ્વારા લાઉડ સ્પીકર વાહનો દ્વારા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે તેમજ ગુજરાત રાજ્યના અસાધારણ ગેઝેટમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તારીખ ૧૯ માહે જુલાઈ સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા સાથે આ જાહેરનામું બહાર પાડવામા આવ્યું.

તા. ૧૯-૦૭-૨૦૨૫ના જાહેરનામા નં. મજસ-૧/૩૮ ડાયવર્ઝન જા.નામુ./૨૦૨૫/વશી ૩૪૮૦ થી ૩૫૦૫ સાથેનું પરિશિષ્ટ

ક્રમ નં.	શાખાનું નામ	જાહેરનામાથી બંધ કરવામાં આવેલ પુલનું નામ/ વિગત	વૈકલ્પિક રૂટ
૧	માર્ગ અને મકાન (સ્ટેટ) વિભાગ	લખતર-તાવી-શીયાણી-લીંબડી રોડ પર આવેલ ૨/૪-૬ પર મેજર પુલ (મોટા-ભારે તથા માલવાહક વાહન માટે પ્રતિબંધિત)	વૈકલ્પિક રસ્તા તરીકે લખતર-વઢવાણ-લીંબડી વાળા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.
૨	માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ	ધ્રાંગધ્રા જેગડવા, રામગઢ રોડ પર ચે. ૬/૩૦૦ થી ૬/૫૦૦ (રામગઢ ગામ પાસે) આવલ પુલ (મોટા-ભારે તથા માલવાહક વાહન માટે પ્રતિબંધિત)	વૈકલ્પિક રસ્તા તરીકે રામગઢ, હામપુર, સીતાપુર, ધ્રાંગધ્રા વાળા રસ્તાનો તથા રામગઢ, હિરાપુર, રામદેવપુર, રાજગઢ, ધ્રાંગધ્રા વાળા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

સુરેન્દ્રનગર, ૧૯ માહે જુલાઈ, સને ૨૦૨૫.

આર. કે. ઓઝા, G.A.S.
જિલ્લા મેજીસ્ટ્રેટ
સુરેન્દ્રનગર જિલ્લો.

એક્ઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દ્વારા

ધી ગુજરાત પોલીસ એકટ-૧૯૫૧ ની કલમ-૮૫ અનવ્યે

જાહેરનામું

બિનવારસી મુદ્દામાલ જી. પી. એકટ સ્ટેડા એન્ટ્રી ૮૨ (૨) ક્રમ નં. ૧ થી ૬

બિનવારસી મુદામાલ એમ. વી. એકટ ક. ૨૦૭ (ડીટેઈન) ક્રમ નં. ૧ થી ૪૧

નં. મેજી/ઈ-સરકાર નં. ૧૮૯૬૧૧/૨૦૨૫.-આથી સર્વે જાહેર જનતાને જણાવવાનું કે મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ના જા. નં. ૩૨૧૪/૨૦૨૫ તા. ૧૨-૦૫-૨૦૨૫ ના રીપોર્ટ અન્વયે જી. પી. એકટ ૮૨(૨) તથા મોટર વ્હીકલ એકટની કલમ-૨૦૭ (ડીટેઈન) અન્વયે નીચે દર્શાવેલ વિગતે ના બિનવારસી મુદામાલ બિન ધણીયાતા હોવાથી યોગ્ય નીકાલ થવા અત્રેની કોર્ટમાં રજુ થયેલ છે. તો સદરહુ મુદામાલ જે કોઈપણ શખ્સ પોતાનો હોવાનો દાવો ધરાવતા હોય, તેમણે આ જાહેરનામાની તારીખથી ૩(ત્રણ) માસની અંદર માલીકીના આધાર પુરાવા દસ્તાવેજ સાથે અત્રેની કોર્ટમા મુદામ અરજી કરવી.

સદરહું મુદત દરમ્યાન આ બિનવારસી મુદામાલના કોઈ માલીક રજુ નહી થાય તો સદરહુ મુદામાલ સરકારશ્રીમાં ખાલસા કરવામા આવશે. જેની દરેકે નોંધ લેવી.

મોરબી તાલુકા પોલીસ સ્ટેશન જી. પી. એકટ સ્ટેડા એન્ટ્રી ૮૨(૨) વાહનોનું પત્રક

ક્રમ	જી. પી. એકટ સ્ટેડા એન્ટ્રી ૮૨(૨) મુજબના વાહન	પકડાયેલા વાહનનો પ્રકાર તથા રજી. નંબર તથા	મુ. પા. પાવતી નંબર
૧	સ્ટેડા એન્ટ્રી નં. ૨૧/૧૧	કાળા કલરનુ હિરો હોન્ડા સ્પેન્ડર મો. સા. પાછળના વ્હીલ વગર નું જે મો.સા. ચે. નં. 07GI6F32492 એન્જીન નં. 07G15E32477	મુ. પા નં. ૪૬/૧૧ તારીખ ૧૯-૦૩-૧૧
૨	સ્ટેડા એન્ટ્રી નં. ૨૩/૧૧	પલ્સર મો. સા. ચે. નં. MD-2-DSB11-NCN13782	મુ. પા નં. ૪૧/૧૨ તારીખ ૦૧-૦૪-૧૨
૩	સ્ટેડા એન્ટ્રી નં. ૧૭/૧૫	બજાજ પલ્સર મો.સા. GJ-13-J-8323 ચે. નં. DHVBK46282 એન્જીન નં. DHCVBKE46235	મુ. પા નં. ૧૪/૧૫ તારીખ ૧૯-૦૧-૧૫
૪	સ્ટેડા એન્ટ્રી નં. ૧૬/૨૩	કાળા કલરનું બ્લુ પટ્ટા વાળુ હીરો સ્પ્લેન્ડર પ્લસ મો.સા. ચે. નં. 07j03C25952 એન્જીન નં. 07525M27012	મુ. પા નં. ૧૩/૨૩ તારીખ ૩૦-૦૧-૨૩

ક્રમ	જી. પી. એકટ સ્ટેડા એન્ટ્રી ૮૨(૨) મુજબના વાહન	પકડાયેલા વાહનનો પ્રકાર તથા રજી. નંબર તથા	મુ. પા. પાવતી નંબર
૫	સ્ટેડા એન્ટ્રી નં. ૧૬/૨૩	કાળા કલરનું બ્લુ પટ્ટા વાળુ હીરો સ્પ્લેન્ડર પ્લસ મો.સા. ચે. નં. 02L20F19240 એન્જીન નં. 02L18E19421	મુ. પા નં. ૧૩/૨૩ તારીખ ૩૦-૦૧-૨૩
૬	સ્ટેડા એન્ટ્રી નં. ૧૬/૨૩	હોન્ડા કંપની નું સફેદ કલરનું એકટીવા એન્જીન નં. J844E0995383	મુ. પા નં. ૧૩/૨૩ તારીખ ૩૦-૦૧-૨૩

મોરબી તાલુકા પોલીસ સ્ટેશન એમ. વી. એકટ કલમ ૨૦૭ (ડીટેઈન) વાહનોનું પત્રક

ક્રમ	રજી. નંબર	ડિટેઈન કર્યા તારીખ તથા સમય	ડિટેઈન કરેલ વાહનનો પ્રકાર તથા નંબર	વાહન જેની પાસેથી ડિટેઈન કરેલ તેનુ નામ તથા સરનામુ
૧	૫૪/૧૯	૧૯-૦૧-૧૯	GJ-03-DQ-5442	માકડીયાભાઈ કલસિંહ ગુરીયા રે ખોખરા હનુમાન સામે બેલાગામ ની સીમ
૨	૯૦/૧૯	૧૮-૦૨-૧૯	GJ03AH0775 બજાજ કાવાસાકી	ઈસ્માઈલ અલીસાસભાઈ સુમરા ઉવ ૨૯ રે વીસીપરા સનરાજ પાર્ક ૯૫૮૬૪૭૪૮૩૨
૩	૯૭/૧૯	૨૦-૦૨-૧૯	GJ-03-ck-3719 સાઈન એન્જીન નં. JC36E0158991	લલનભાઈ શૈન કુમાર
૪	૦૯/૨૦	૨૩-૦૧-૨૦૨૦	GJ-03-HL-7679 હોન્ડા સાઈન	રસીકભાઈ હરખાભાઈ જોલપરા રે જાંબુડીયા ૯૯૭૪૪૯૦૫૦૭
૫	૯૨/૨૨	૩૦-૦૪-૨૨	Gj-03-AS-8224 મો.સા.	સત્યેન્દ્રસિંગ ચુનબરસિંગ ચૌહાણ રહે. મો. ૯૭૨૫૯૫૮૦૯૭
૬	૧૬/૨૩	૦૧-૦૩-૨૩	બજાજ ડીસ્કવર મો.સા. GJ-09-CF 6276	પ્રભુભાઈ માવજીભાઈ રાવળ, રેહ. હરીઓમ પર્ક મોરબી મો. ૯૯૯૮૫૯૧૯૮૫
૭	૪૫/૨૩	૨૧-૦૩-૨૩	મો.સા. GJ-06-BN-8262	ચંદ્રકાન્તભાઈ મગનભાઈ દલસાણીયા રહે. રણમલુપર તા. હળવદ જિ. મોરબી મો. ૯૫૫૮૫૩૮૨૦૯
૮	૧૩૩/૨૩	૨૧-૦૭-૨૩	હીરો કમ્પનીનુ ડીલક્ષ મો.સા. RJ-11-SN-3507	વિરેન્દ્રભાઈ કમાનભાઈ સિંહા રહે. કોયલ સીરામીક લાલપર તા. જિ. મોરબી મો. નં. ૮૦૦૦૧૮૭૪૮૬
૯	૧૭૦/૨૩	૧૩-૦૮-૨૩	GJ-03-AQ-5988 ટી.વી.એસ. સેન્ટો મો.સા.	પાર્થભાઈ મનસુભાઈ ૯૫૧૨૮૬૦૧૯૦
૧૦	૨૧૩/૨૩	૧૧-૧૧-૨૩	GJ-12-CY-9912 હિરો સ્પ્લેન્ડર	આબીતભાઈ કશનભાઈ ૭૩૮૩૯૬૮૨૭૦
૧૧	૨૩૦/૨૩	૦૭-૧૨-૨૩	GJ-03-CN-0379 હંક મો.સા.	મોહિનભાઈ ફિરોજભાઈ અજમેરી લક્ષ્મીનગર શીવશકતી ૮૮૪૯૧૯૧૫૧૫
૧૨	૨૩૯/૨૩	૧૮-૧૨-૨૩	GJ-03-BQ-2417 એકટીવા	જીતેન્દ્રભાઈ સીપાહી ત્રાજપર ૯૭૨૭૧૧૦૮૨૭
૧૩	૧૨/૨૪	૩૦-૦૧-૨૪	GJ-36-m-3410 MOSA હોન્ડા સ્પ્લેન્ડર	આમીર મનોવરભાઈ સૈયદ રહે. લાલપર ચંદુભાઈ ના રૂમમા તા. જિ. મોરબી મો. નં. ૮૫૧૧૮૦૨૦૪૮ (૨) ૯૭૧૨૫૮૯૭૦૮
૧૪	૪૦/૨૪	૨૮-૦૩-૨૪	GJ-08-N-2611 MOSA	રાહુલભાઈ તેજાભાઈ ઠાકોર, રહે. પીપળી ગામ પાસે તા. જિ. મોરબી મો. નં. ૮૧૫૪૦૨૪૬૬૪
૧૫	૪૧/૨૪	૨૮-૦૩-૨૪	GJ-03-CF-7444 MOSA	ભરતભાઈ દામજીભાઈ શેક રહે. લાલપર તા.જિ. મોરબી મો. નં. ૯૨૬૫૬૦૩૨૭૯
૧૬	૬૫/૨૪	૦૪-૦૬-૨૪	GJ-12-DD-1147	દિનેશભાઈ કડીયાભાઈ ભાભોર રહે. ગણેશનગર ૨૯ પાટીદાર ટાઉનશીપ પાછળ, તા. જિ. મોરબી મો. નં. ૬૨૬૪૧૬૬૦૨૨
૧૭	૧૧૭/૨૪	૨૩-૦૭-૨૪	GJ-10-AR-7826	હિતેશભાઈ જગદિશભાઈ પરોહીત રહે. શ્રી હરી રેસીડન્સી ટીંબડીના પાટીયા પાસે, તા. જિ. મોરબી મો. નં. ૯૬૬૨૬૯૮૧૪૮
૧૮	૧૪૪/૨૧	૨૬-૦૭-૨૪	GJ-13-HH-7706	અમનભાઈ પસમરસ મંડલ લાલપર
૧૯	૧૪૮/૨૪	૨૬-૦૭-૨૪	GJ-36-C-9115	રાજેન્દ્રસિંહ અજીતભાઈ ઝાલા રહે. રફાડીયા મોરબી
૨૦	૧૬૧/૨૪	૨૭-૦૭-૨૪	GJ-03-RR-9177	અરવિંદ બાબુ પરમાર રહે. રફાળેશ્વર તા. જિ. મોરબી ૯૬૬૪૫૪૪૮૦૯
૨૧	૧૭૨/૨૪	૨૭-૦૭-૨૪	GJ-36-E-0504	હરેશભાઈ મનોજભાઈ વાઘેલા રહે વાનાળીયા તા. જિ. મોરબી મો. નં. ૮૭૯૯૮૫૯૦૫૫
૨૨	૧૮૧/૨૪	૨૮-૦૭-૨૪	GJ-03-RR-2346	જેન્તીલાલ મનસુખભાઈ ચાંડેગરા રહે. સ્વસ્તીક સ્કુલની બાજુમાં પીપળી ગામ

ક્રમ	રજી. નંબર	ડિટેઈન કર્યા તારીખ તથા સમય	ડિટેઈન કરેલ વાહનનો પ્રકાર તથા નંબર	વાહન જેની પાસેથી ડિટેઈન કરેલ તેનુ નામ તથા સરનામુ
૨૩	૧૮૯/૨૪	૨૮-૦૭-૨૪	GJ-01-CR-2705 હિરો હોન્ડા સ્પ્લેન્ડર	મુન્નીરામ દેવીદાસ સોલંકી રહે. વાનાણીયા સોસા. નજરબાગ સામે, મોરબી-૨
૨૪	૨૨૪/૨૪	૩૦-૦૭-૨૪	GJ-13-RR-4694 હિરો હોન્ડા સ્પ્લેન્ડર	સુશીલ કેદારજી આગીવાસ રહે. રચના સોસા. મોરબી-૨
૨૫	૨૨૫/૨૪	૩૦-૦૭-૨૪	GJ-36-A-6944	ચેલનભાઈ મનસુખભાઈ પરમાર રહે. પંચાસર રોડ મોરબી તા. જિ. મોરબી મો. નં. ૮૮૪૪૬૪૭૦૨૬
૨૬	૨૪૫/૨૪	૩૧-૦૭-૨૪	GJ-27-CC-4983 સ્પ્લેન્ડર પ્લસ મો.સા.	મેહુલભાઈ અજમળભાઈ ઘોરડીયા રહે. સીમેન્ટ કારખાના લેબર કવાટરમાં લાલપર ગામ
૨૭	૨૫૯/૨૪	૧-૦૮-૨૪	GJ-03-DC-1949 સ્પ્લેન્ડર પ્લસ મો.સા.	આમ્માફ આલામ રહે. મનીષ કાંટા પાસે પીપળી તા. જિ. મોરબી
૨૮	૨૭૨/૨૪	૦૨-૦૮-૨૪	GJ-03-DF-4758(CB-2 મો.સા.)	મુકેશભાઈ જગદીશભાઈ નીમાવત રહે વાકાનેર
૨૯	૨૮૧/૨૪	૦૩-૦૮-૨૪	RJ-40-SG-0175 સ્પ્લેન્ડર પ્લસ મો.સા.	ભરતભાઈ ગીસારામ મેપવાલ રહે. જેતપર રોડ કિનોલાઈટ મોરબી ૯૭૮૪૯૧૪૬૬૦
૩૦	૩૦૯/૨૪	૦૪-૦૮-૨૪	GJ-03-BP-5975	અકિતરાય રઘુનાથરાય રાજપુત રહે. અંબુજા સીરામીક
૩૧	૩૨૭/૨૪	૦૫-૦૮-૨૪	GJ-03-AJ-3616	તુલશી રમેશભાઈ બારીયા રહે. જાબુડીયા તા. જિ. મોરબી
૩૨	૩૪૦/૨૪	૦૭-૦૮-૨૪	GJ-03-CH-3600	ચંદ્રેશભાઈ પતિરાજ વર્મા રહે. લાલપર તા. જિ. મોરબી
૩૩	૩૪૧/૨૪	૦૭-૦૮-૨૪	GJ-03-RR-9478	સાગરભાઈ બચુભાઈ કાંસીયા બાદનપર તા. જિ. મોરબી
૩૪	૩૬૭/૨૪	૦૯-૦૮-૨૪	MP-33-MP-7102	નિરંજન રામબગસ વીર રહે. શ્રીજી સિરામીક લાલપર તા. જિ. મોરબી
૩૫	૩૯૭/૨૪	૧૫-૦૮-૨૪	GJ-36-P-1638	અકરમ અસરભાઈ મીર રહે. ચંદ્રપુર પહાડી જિ. ડાંગ
૩૬	૪૨૧/૨૪	૧૮-૦૮-૨૪	MH-34-N-7796	રહીમખાન રમજાન જુણેજા રહે. ટીંબળી પાટી ક્રિષ્ના હોટેલ તા.જિ. મોરબી
૩૭	૪૩૭/૨૪	૦૮-૦૯-૨૪	GJ-3-BG-4982	રામચરણ શ્રીબ્રીજવાસી કુમી પટેલ રહે. બેલા તા. જિ. મોરબી
૩૮	૪૯૩/૨૪	૨૨-૧૦-૨૪	GJ-21-R-1442	વિજયભાઈ કમલેશભાઈ જોડા બેલાગામ તા. જિ. મોરબી
૩૯	૫૧૬/૨૪	૧૧-૧૨-૨૪	GJ-03-EK-8029	હિતેશભાઈ રાધેશ્યામ પટેલ કુબેર સીનેમા પાછળ પાણીની ટાંકી પાસે, તા. જિ. મોરબી
૪૦	૨૬/૨૫	૨૬-૦૨-૨૦૨૫	GJ-36-AH-7889	કરણભાઈ હરજીભાઈ દેલવાડીયા રહે. મોરબી પંચાસર રોડ
૪૧	૪૪/૨૫	૨૨-૦૩-૨૦૨૫	GJ-03-AA-9235	પ્રસાંત કાલીપાત રે શાખા સેનેન્ટ્રી લીલાપર

મોરબી, ૧૪ માહે મે, સને ૨૦૨૫.

એમ. ટી. ધનવાણી
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
મોરબી ગ્રામ્ય.

ધી ગુજરાત પોલીસ એકટ-૧૯૫૧ ની કલમ-૮૫ અનવ્યે

જાહેરનામું

જી. પી. એકટ-૮૨ મુજબ કબ્જે કરેલ બિનવારસી વાહનો ક્રમ નં. ૧ થી ૫૪

ના ઈધરા/વશી/RFMS NO. ૩૨૦૨૫૦૩૩૬૧૮૮/૨૦૨૫.-આથી સર્વે જાહેર જનતાને જણાવવાનું કે પોલીસ ઈન્સપેકટરશ્રી, હળવદ પોલીસ સ્ટેશન ના જા. નં. ૪૨૪૨/૨૦૨૫ તા. ૨૧-૦૭-૨૦૨૫ ના રીપોર્ટ અન્વયે જી. પી. એકટ ૮૨ મુજબ કબ્જે કરેલ બિનવારસી વાહનો અન્વયે નીચે દર્શાવેલ વિગતેના બિનવારસી મુદામાલ બિન ધણીયાતા હોવાથી યોગ્ય નીકાલ થવા અત્રેની કોર્ટમાં રજુ થયેલ છે. તો સદરહુ મુદામાલ જે કોઈપણ શખ્સ પોતાનો હોવાનો દાવો ધરાવતા હોય, તેમણે આ જાહેરનામાની તારીખથી ૩(ત્રણ) માસની અંદર માલીકીના આધાર પુરાવા દસ્તાવેજ સાથે અત્રેની કોર્ટમા મુદામ અરજી કરવી.

સદરહું મુદત દરમ્યાન આ બિનવારસી મુદામાલના કોઈ માલીક રજુ નહી થાય તો સદરહુ તમામ મુદામાલ સરકારશ્રીમાં ખાલસા કરવામા આવશે. જેની દરેકે નોંધ લેવી.

મુદામાલની વિગત

અનુ. નં.	વાહનની વિગત/પ્રકાર	રજી. નંબર	એન્જીન નંબર	ચેસિસ નંબર
૧	હિરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ જુનુ બ્લુ પટ્ટો	નથી	07K15E66296	07K16F61189
૨	હિરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ બ્લેક કલરનુ	નથી	HA10EAAHC78030	MBLHA10EEAHC38853
૩	હિરો હોન્ડા જુનુ ડિલક્ષ બ્લેક કલરનુ	નથી	05G29E01504	05G29F05815
૪	TVS સ્ટાર સીટી કાળુ કેસરી પટ્ટાવાળુ	GJ-13-P-696	4648	80245
૫	બજાજ કમ્પનીનુ ડિસ્કવર	GJ-02-1S-2728	UNGBSBB7314	છાપેલ દેખાતુ નથી
૬	TVS સ્ટાર સીટી	પાછળની નંબર પ્લેટમાં આશિષ પટેલ લખેલ છે.	છાપેલ દેખાતુ નથી	છાપેલ દેખાતુ નથી
૭	સ્પ્લેન્ડર કાળા કલરનુ જુનુ મોડલ	નથી	છાપેલ દેખાતુ નથી	છાપેલ દેખાતુ નથી
૮	CD-100 હિરો હોન્ડા (ડિકી લગાડેલ છે)	નથી	95B10E05848	95C10E00347
૯	હિરો હોન્ડા સ્પ્લે. પ્લસ (એક્સિડેન્ટ)	GJ-3-AJ-7952	04C15E05409	04C16F06404
૧૦	હિરો સ્પ્લે. NXG (સ્ટીલની ડેકી લગાડેલ છે.)	નથી	છાપેલ દેખાતુ નથી	છાપેલ દેખાતુ નથી
૧૧	હોન્ડા ગ્લેમર (એકિસડેન્ટ)	GJ-13-PP-5286	JA06EJE9D10045	MBLIA06AGE9E00169
૧૨	હોન્ડા સાઈન (એકિસડેન્ટ)	GJ-13-DD-7892	JC36E2379350	ME4JC36DFB8129377
૧૩	હિરો હોન્ડા સ્પ્લે. પ્લસ	RJ-07-ST-3289	06H15E38189	MBLHA10AMDLH06H16F39
૧૪	હિરો સ્પ્લેન્ડર	GJ-13-S-2089	છાપેલ દેખાતુ નથી	છાપેલ દેખાતુ નથી
૧૫	TVS સ્ટાર સીટી બ્લેક કલર (સ્ટીલની પેટી વાળુ)	GJ-03-ED-7950	AF1LB1484142	MD625NF16B1L62489
૧૬	હિરો હોન્ડા સ્પ્લે. પ્લસ (આગળનો ટોપો ટુટી ગયેલ છે)	GJ-17-S-2806	07L15M12568	07L16C09043
૧૭	બજાજ પ્લેટીના પેટી વાળુ	GJ02BL4292	DUMCNHA47392	MD2DDDZZZNWH13187
૧૮	બજાજ ડિસ્કવર	GJ06BS6705	DSGBMK24530	MD2DSDSZZMCK48342
૧૯	હિરો હોન્ડા સ્પ્લે. પ્લસ પોલીસ પટ્ટો	GJ03BN2376	07C15E21586	07C16F18915
૨૦	TVS સુઝુકી સીટ વગરનુ	GJ05L8868	1023L326718	203M334610
૨૧	હીરો સ્પ્લેન્ડર પ્લસ	નથી	HA10EAC9F38210	MBLHA10EE89F2978
૨૨	હિરો હોન્ડા સ્પ્લે. પ્લસ (ટાંકી પર RAJPUT લખેલ છે)	નથી	HA10EAAHE46685	MBLHA10EEAHE42250
૨૩	હીરો હોન્ડા સુપર સ્પ્લે. બ્લુ પટ્ટાવાળુ	GJ06BM1210	05DAAE01007	05DAAF01797
૨૪	K બજાજ મો. સા.	GJ-13-6663	DFM8FM67927	DFFBFM37950
૨૫	હીરો હોન્ડા સ્પ્લે. જાંબલી પટ્ટો	GJ-15-M-3304	02M18E03641	છાપેલ દેખાતુ નથી
૨૬	હિરો હોન્ડા પેશન પ્લસ	GJ-03-AP-1489	04L08M09780	04L09C0989
૨૭	હીરો હોન્ડા જુનુ પોલિસ પટો (એકિસડેંટ)	GJ-06-RR-3067	00A17M09235	00A19C11480
૨૮	સુજુકી જુનુ મો. સા. લાલ પટ્ટો	GJ-01-BA-0007	છાપેલ દેખાતુ નથી	છાપેલ દેખાતુ નથી
૨૯	હીરો હોંડા CD DAWN	GJ-01-DQ-3878	04F27F53878	04F27F03399
૩૦	હિરો સ્પ્લે. પ્લસ	GJ-05-CK-5035	HA10EFA9H17420	MBJ11JV4007136859
૩૧	હિરો હોન્ડા કોમ્બીશન ૧૩૫	GJ-12-AF-357	04H65M0061	04H68C0011
૩૨	હોંડા સ્ટનર CBF લાલ કલરનુ	GJ-03-CH-14	JC40E9038640	ME4JC404L88017803
૩૩	હીરો હોંડા જુનુ પોલિસ પટ્ટો	GJ-13-J-3027	25970	30962
૩૪	હિરો સ્પલે. પ્લસ કાળો પટ્ટો	GJ-10-AB-6909	05K18E10720	05K29F07046
૩૫	કાવાસીકી બોકસર	GJ-06-AG-9042	DFMBHJ13533	DFFBHJ91918
૩૬	હીરો પ્રેસન પ્રો.	નથી	HA10ENDHB44963	MBLHA10AWDHB13212
૩૭	બજાજ લાલ કલરનુ AT	GJ-03-M-8737	છાપેલ દેખાતુ નથી	છાપેલ દેખાતુ નથી
૩૮	બ્લુ કલરનુ ૨૦૦ cc નુ પ્લસર	GJ-01-SA-4364	JLZCDF15920	MD2A36FZXDCF18445

અનુ. નં.	વાહનની વિગત/પ્રકાર	રજી. નંબર	એન્જીન નંબર	ચેસિસ નંબર
૩૯	બજાજ ડિસ્કવર લાલ કલરનુ	GJ-13-DD-1489	JBUBUB13144	MD2DSPAZZUPB33845
૪૦	હીરો હોન્ડા સ્પ્લે.	GJ-06-MN-7357	99E17M10111	99E19C09947
૪૧	હિરો સ્પ્લેન્ડર પ્રો જાંબલી પટ્ટા વાળુ	GJ-1-PG-2877	HA10ELC9F24694	MBLHA10ASC9F21818
૪૨	હોન્ડા ડ્રીમ યુગા (ટાયર નથી તે)	નથી	JF58E81243520	ME4JC583CD8244886
૪૩	છકડો	GJ-13-AN-2457	RCA565G7	SAI9700060
૪૪	બજાજ સીટી-૧૦૦	--	DUMDEE75391	DUFBLE20278
૪૫	હોન્ડા સીડી-૧૦૦	--	01B13E04859	5B12F02753
૪૬	બજાજ ડિસ્કવર	GJ-03-AM-1554	DXEBMM13142	MD2DSDXZZMAM12648
૪૭	TVS સેન્ટ્રો	GJ-12-AM-5276	0H1E42071475	MD62AAH1242E71024
૪૮	ડ્રીમ યુગા	--	છાપેલ દેખાતુ નથી	છાપેલ દેખાતુ નથી
૪૯	બજાજ પલ્સર કાળા કલરનું	--	BKZCFK03177	MD2A13EZ9ECK06881
૫૦	હોન્ડા સીડી-૧૦૦	--	99B10E08728	99B10E06123
૫૧	TVS SPORT	--	MF5HH1376032	MD625FF521H1H73785
૫૨	હિરો હોન્ડા સ્પ્લેન્ડર	GK-01-MB-1473	DHGBTA67395	MD2DHBHZZTCA79065
૫૩	હિરો હોન્ડા સ્પ્લેન્ડર	--	03LZ5E1455Z	છાપેલ દેખાતુ નથી
૫૪	બજાજ સીટી-૧૦૦	GJ-06-BM-4079	DUMBMA53029	DUFBMA60849

હળવદ, ૦૬ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫.

એ. પી. ભટ્ટ
મામલતદાર અને
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
હળવદ.

પોલીસ કમિશ્નર દ્વારા

જાહેરનામું

ક્રમાંક : સીબી-૬/તિરંગા યાત્રા/જાહેરનામું/૭૫૪/૨૦૨૫.-તા. ૧૨-૦૮-૨૦૨૪ ના રોજ રાજકોટ શહેર ખાતે તિરંગાયાત્રા કાર્યક્રમ યોજાનાર હોય આ તિરંગાયાત્રા બહુમાળીભવન ચોકથી કસ્તુરબા રોડથી જયુબેલી ચોક ખાતે પુર્ણ થશે અને આ તિરંગાયાત્રા ખુબ જ મોટા પ્રમાણમાં જાહેર જનતા જોડાનાર હોય, જેથી આ રૂટ ઉપર કોઈ ટ્રાફિક સમસ્યા સર્જાય નહી તેમજ કોઈ અનીચ્છનીય બનાવ બનવા પામે નહી અને તિરંગા યાત્રાને ટ્રાફિકનો અવરોધ ન થાય તે હેતુસર નીચે મુજબના રસ્તાઓ તા. ૧૨-૦૮-૨૦૨૫ ના કલાક ૦૭-૦૦ થી કલાક ૧૧-૩૦ સુધી તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશ બંધ અને ''નો-પાર્કિંગ'' જાહેર કરવાની જરૂરીયાત જણાય છે. જેથી ઉપરોકત તારીખ અને સમયે નીચે જણાવેલ તમામ રોડ ઉપર તમામ પ્રકારના વાહનો માટે ''પ્રવેશ બંધ'' અને ''નો-પાર્કિંગ'' ઝોન કરવામાં આવે છે.

- પોલીસ હેડ કવાર્ટર સર્કલ થી બહુમાળી ભવન ચોક થી કસ્તુરબા રોડ, ધરમ સિનેમા ચોક, ચોધરી હાઈસ્કુલ ચોક, અરવિંદભાઈ મણીયાર હોલ થી જયુબેલી ચોક સુધીના રોડ ઉપર તમામ પ્રકારના વાહનો માટે ''પ્રવેશ બંધ'' અને ''નો-પાર્કિંગ'' (તીરંગા યાત્રામાં જોડાયેલ અને સરકારી વાહનો સિવાય) જાહેર કરવામાં આવે છે.

(૧) પોલીસ હેડ કવાર્ટર થી બહુમાળી ભવન ચોક તરફ જવા માટે તમામ પ્રકારના વાહનો મોટ પ્રવેશ બંધ કરવામાં આવે છે અને જુની એન.સી.સી. ચોકથી કિશાનપરા ચોક અને ચિન્નોઈ માર્ગ થી ટ્રાફિક શાખા તરફથી જઈ શકશે.

(૨) ટ્રાફિક શાખાથી ચાણક્ય બિલ્ડીંગ ચોકથી બહુમાળી ભવન ચોક તરફ જવા માટે તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશ બંધ કરવામાં આવે છે અને શ્રોફરોડ થી ટ્રાફિક શાખા, પોલીસ હેડ કવાર્ટર સર્કલ તરફથી જઈ શકશે.

(૩) શારદાબાગ સરકીટ હાઉસ આઉટ ગેઈટથી ચાણકીય બિલ્ડીંગ ચોક તરફ તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશ બંધ કરવામાં આવે છે. અને ગેલેકસી ૧૨-માળ બિલ્ડીંગથી જિલ્લા પંચાયત ચોકથી જઈ શકશે.

(૪) જામટાવર પીજીવીસીએલની ઓફિસથી ધરમ સિનેમા ચોક તરફ જવા માટે તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશ બંધ કરવામાં આવે છે. અને ટ્રાફિક શાખાથી પોલીસ હેડ કવાટર્સ સર્કલ જુની એન.સી.સી. ચોક જઈ શકશે તેમજ જામટાવર ચોકથી હોસ્પીટલ ચોક ખટારા સ્ટેન્ડથી જઈ શકશે તથા પ્ર.નગર પો.સ્ટે. તરફથી ધરમસિનેમા તરફ જવા માંગતા તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશ બંધ કરવામાં આવે છે. અને સદર રોડ ફુલછાબ ચોકથી જઈ શકશે.

(૬) હોસ્પીટલ ચોકથી ચૌધરી હાઈસ્કુલ ચોક તરફ જવા માટે તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશ બંધ કરવામાં આવે છે. અને હોસ્પીટલ ચોકથી કોર્ટ ચોકથી જઈ શકશે તથા હરીહર ચોકથી ચૌધરી હાઈસ્કુલ ચોક તરફ જવા માટે તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશ બંધ કરવામાં આવે છે. જે તમામ પ્રકારના વાહનો લીમડા ચોક અને સદર રોડથી જઈ શકશે.

(૭) હોસ્પીટલ ચોકથી લવલી ગેસ્ટ હાઉસ અરવિંદભાઈ મણીયાર હોલ તરફ જવા માટે તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશ બંધ કરવામાં આવે છે. અને હોસ્પીટલ ચોકથી કોર્ટ ચોકથી જઈ શકશે તથા હોસ્પીટલ ચોકથી લવલી ગેસ્ટ હાઉસ અરવિંદભાઈ મણીયાર હોલ તરફ જવા માટે તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશ બંધ કરવામાં આવે છે. જે તમામ પ્રકારના વાહનો લોટરી બજારથી જઈ શકશે.

(૮) ભાભા ગેસ્ટ હાઉસ ચોકથી જયુબેલી ચોક તરફ જવ માટે તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશ બંધ કરવામાં આવે છે. અને પંચનાથ મેઈન રોડ તરફ જઈ શકશે અને દિપક રોડ-વેઈઝ થી ઢેબર રોડ વન-વે માંથી જઈ શકશે.

(૯) પારેવડી ચોક તરફથી આવતી અને એસ.ટી. બસ સ્ટેશન તરફ જવા માંગતી તમામ બસો હોસ્પીટલ ઓવર બ્રીજના સર્વિસ રોડ થી ખટારા સ્ટેન્ડથી ઢેબર રોડ ઢેબર ચોક થી એસ.ટી. બસ ડેપો તરફ જઈ શકશે અને એસ.ટી. બસ સ્ટેશન તરફથી જ્યુબેલી ચોક તરફથી પસાર થતી એસ.ટી. બસો ઢેબર ચોકથી ઢેબર રોડ ખટારા સ્ટેન્ડથી પારેવડી ચોક તરફ જઈ શકશે.

➢ નીચે મુજબના પાર્કીંગ સ્થળો :

ક્રમ	પાર્કીંગ સ્થળ	વાહનના પ્રકાર
૧.	નહેરૂ ઉદ્યાન, બહુમાળી ભવન સામે પ્રવેશ કિશાનપરા ચોક	કાર, મો.સા., સાયકલ
૨.	રેસકોર્ષ મેળા ગ્રાઉન્ડ	બસો માટે
૩.	ચૌધરી હાઈસ્કુલ ગ્રાઉન્ડ	બસ, ટુ વ્હીલર તથા ફોર વ્હીલર માટે
૪.	શાસ્ત્રી મેદાન	બસ, ટુ વ્હીલર તથા ફોર વ્હીલર માટે
૫.	બહુમાળી ભવન પ્રવેશ સરકારી કવાર્ટર વાળો ગેઈટ	કાર, મો.સા. સાયકલ
૬.	મહાત્મા ગાંધી મ્યુઝીયમ	કાર, મો.સા. સાયકલ
૭.	ઈન્ડોર સ્ટેડીયમ	કાર, મો.સા. સાયકલ

આથી હું બ્રજેશ કુમાર ઝા (I.P.S.), પોલીસ કમિશનર, રાજકોટ શહેર અમોને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ થી મળેલ સત્તાની રૂએ આજરોજ તારીખ ૧૧-૦૮-૨૦૨૫ થી મારી સહી સીક્કા કરી સદરહુ વિગતેનું જાહેર જનતાની જાણ માટે તા. ૧૨-૦૮-૨૦૨૫ ના કલાક ૦૭-૦૦ થી કલાક ૧૧-૩૦ સુધી જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વાહન ચાલક મોટર વાહન અધિનિયમ-૧૯૮૮ ની કલમ-૧૮૩ અને કલમ-૧૮૪ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામુ ફરજ પરના પોલીસના વાહનો, એમ્બ્યુલન્સ, શબવાહીની, ફાયર બ્રિગેડના વાહનો તેમજ સરકારી વાહનોને આકસ્મીક સંજોગોમાં લાગુ પડશે નહીં.

રાજકોટ, ૧૧ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસ.બી./૧૪/ગણેશ સ્થાપના/જાહેરનામું/૩૧૯૬/૨૦૨૫.- રાજકોટ શહેરમાં દર વર્ષે ગણેશ મહોત્સવાનો તહેવાર ખુબ ઉત્સાહ અને ધામધૂમ પુર્વક મનાવવામાં આવે છે. રાજકોટ શહેરમાં આ વર્ષે ગણેશ મહોત્સવ નિમીતે તા. ૦૭-૦૯-૨૦૨૪ ના રોજ ભગવાશ્રી ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના થનાર છે અને આ સ્થાપના કરવામાં આવેલ ગણેશજીની મુર્તિઓના વિસર્જન સરઘસો કાઢી મુર્તિઓ પાણીમાં વિસર્જન કરી ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. જેમાં અમુક ભાવીકો દ્વારા આ સ્થાપના કરવામાં આવેલ ગણેશજીની મુર્તિઓને સ્થાપના કર્યાના ત્રીજા દિવસે, પાંચમા દિવસે, સાતમા દિવસે, નવમા દિવસે, અને મોટા ભાગના ભાવિકો દ્વારા અગીયારમા દિવસે એટલે કે તા. ૦૬-૦૯-૨૦૨૫ ના રોજ મુર્તીઓના વિસર્જન સરઘસો કાઢી ગણેશજીની મુર્તીઓને નદી કે તળાવમાં પધરાવીને વિસર્જન કરવામાં આવે છે.

આ મહોત્સવને અનુલક્ષીને મુતિકારો દ્વારા અગાઉથી મુર્તિઓ તૈયાર કરવામાં આવે છે દરમ્યાન મુર્તિ બનાવવાના સ્થળે ગંદકી થવાના કારણે રોગચાળો ફેલાય નહી તેમજ કોઈ પણ ધર્મની ધાર્મીક લાગણી દુભાય નહી તેવા કોઈ ચિન્હો કે નિશાનીઓ રાખવામાં ન આવે અને મુર્તિઓની ઉંચાઈનું યોગ્ય ધોરણ જળવાઈ રહે, ઉપરાંત મુર્તિ બનાવવા માટે કેમિકલ યુકત રંગોના ઉપયોગ થતો હોય આવી મુર્તિઓને નદી તથા તળાવના પાણીના વિસર્જન કરવાથી પાણીમાં રહેતા પાણી જન્ય જીવો, માછલી તેમજ મનુષ્યને પણ નુકશાન થાય છે. જેથી પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદુષણણને અટકાવવા કેન્દ્રીય પ્રદુષણ બોર્ડ દ્વારા આપવામાં આવેલ ગાઈડલાઈન મુજબ તેમજ સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ ઠરાવો અને નામદાર સર્વોચ્ય ન્યાયાલય દ્વારા મુર્તિઓના વિસર્જન અંગે આપવામાં આવેલ ગાઈડલાઈનને ધ્યાને રાખવી જરૂરી છે.

પર્યાવરણ (એન્વાયરમેન્ટ પ્રોટેકશન) એકટ-૧૯૮૬ની કલમ-૫ મુજબ ગુજરાત સરકારશ્રીના વન અને પર્યાવરણ ખાતાના પત્ર નંબર : ENV-10-2010-10045/E તા. ૨૬-૦૭-૨૦૧૦ ની સુચનાથી નામદાર ગુજરાત

તથા મહારાષ્ટ્ર હાઈકોર્ટની સુચનાથી આપેલ આદેશ મુજબ પર્યાવરણને નુકશાન ન થાય તે હેતુથી સાવચેતીના પગલા લેવા જરૂરી જણાય છે.

હું બ્રજેશ કુમાર ઝા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો હુકમ કરુ છું.

: પ્રતિબંધિત કૃત્યો :

(૧) ભગવાનશ્રી ગણેશજીની મુર્તિ પ્લાસ્ટર ઓફ પેરીસની બનાવવા કે વેચવા કે સ્થાપના કરવા ઉપર.

(૨) શ્રી ગણેશજીની માટીની મુર્તિ બેઠક સહીતની ''૯'' ફુટ કરતાં વધારે ઊંચાઈની બનાવવા, વેંચવા, સ્થાપના કરવા તથા જાહેર માર્ગ ઉપર પરિવહન કરવા ઉપર.

(૩) નકકી કરેલા વિસર્જન સ્થળો અને લીધેલ મંજુરીમાં દર્શાવેલ સ્થળ સિવાય અન્ય કોઈ દરીયા, નદી, તળાવ, કુદરતી જળ સ્ત્રોત, કે નદીના ઓવારા ખાતે વિસર્જન કરવા ઉપર.

(૪) મુર્તિકારો જે જગ્યાએ મુર્તિ બનાવવાની કામગીરી કરે છે તે જગ્યા તથા મુર્તિ જે જગ્યાએ વેચાણ માટે રાખનાર છે તે જગ્યાની નજીકમાં તથા આજુબાજુમાં કોઈપણ પ્રકારની ગંદકી કરવા ઉપર. તેમજ મુર્તિઓના બનાવટમાં પાણીમાં સરળતાથી ઓગળી ન શકે તેવા ઝેરી કેમિકલયુકત રંગોનો ઉપયોગ કરવા ઉપર.

(૫) શ્રી ગણેશજીની મૂર્તિઓના સ્થાપના દિવસ બાદ મુર્તિકારોએ વેચાણમાં ન થયેલી તથા ખંડીત થયેલ મુર્તિઓને સ્થાપનાના દિવસ બાદ બીનવારસી હાલતમાં મુકવા ઉપર.

(૬) કોઈપણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઈ ચિન્હો કે નિશાનીવાળી મુર્તિઓ બનાવવા, ખરીદવા તથા વેચવા ઉપર તેમજ સ્થાપના કરવા ઉપર.

(૭) સ્થાપના/વિસર્જન સરઘસ યોજવા અંગેની પરમીટમાં દર્શાવેલ રૂટ સિવાયના અન્ય રૂટ ઉપર સ્થાપના/વિસર્જન સરઘસ યોજવા ઉપર.

(૮) CCTV લગાવ્યા વિના ગણેશ પંડાલનું આયોજન કરવા ઉપર.

(૯) ફાયર એકસટીંગ્યુસર (અગ્નિક્ષામક) લગાવ્યા વિના ગણેશ પંડાલનું આયોજન કરવા ઉપર.

અધિક મુખ્ય સચિવશ્રી વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાઓનો પત્ર નં. ઈએનવી/૧૦/૨૦૧૦/૧૦૦૪૫/ઈ તા. ૨૬-૦૭-૨૦૧૦ દ્વારા પાઠવેલ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સરકારશ્રી ના વન અને પર્યાવરણ વિભાગ) તરફથી દરીયા, નદી, તળાવના પાણી તથા પર્યાવરણમાં થતા દુષણને અટકાવવા માટે આપેલ સુચનો તથા ધી નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના તા. ૦૯-૦૫-૨૦૧૩ના હુકમ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુશનલ, સેન્ટ્રલ ઝોન બેન્ચ, ભોપાલના તા. ૧૮-૦૮-૨૦૧૫ના હુકમના આધારે ઉપર મુજબના પ્રતિબંધો રાજકોટ શહેરમાં બહારથી ગણેશજીની મૂર્તિઓ લાવી વેચતા મૂર્તિકારો અને વેપારીઓને પણ લાગુ પડશે. જે અંગે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

: અમલવારીનો સમય તથા પ્રતિબંધિત વિસ્તાર :

તા. ૨૧-૦૮-૨૦૨૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૦૭-૦૯-૨૦૨૫ ના કલાક ૨૪-૦૦ સુધી પોલીસ કમિશ્નરશ્રી રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં અમલમાં રહેશે.

: શિક્ષા :

આ હુકમનો ભંગ કરનારને વ્યકિતને ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે રાજકોટ શહેરમાં ફરજ બજાવતા પો.હેડ કોન્સ. અને તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

: જાહેર વિજ્ઞપ્તિ :

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા પ્રસિધ્ધી કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરાવવી.

આજ રોજ તારીખ : ૧૩-૦૮-૨૦૨૫ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૧૩ માહે ઓગષ્ટ, સને ૨૦૨૫.

બ્રજેશ કુમાર ઝા
પોલીસ કમિશનર
રાજકોટ શહેર.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Government Press & Stationery, Rajkot
Manager
Date : 2025.08.28 13:07:16 IST